તાહેર કાવ્યમાળા.

રચનાર,

શાહીમ રણછોડભાઇ દેસાઇ.

ભાનેર.

પ્રથમાવૃત્તિ.] [પ્રત ૫૦૦.

સંવત ૧૯૭૨. ઇ. સ. ૧૯૧૬.

કિમ્મત ૦-૨-૦.

મનોહર કાવ્યમાળા.

તથા

ઉડાઉનું આખ્યાન.

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર,

ઈબ્રાહીમ રણછોડભાઈ દેસાઈ.

ભાનેર.

પ્રથમ આવૃત્તિ] [પ્રત ૬૦૦.

અમદાવાદ.

ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

સંવત ૧૯૭૨] [ઈ. સ. ૧૯૧૬.

કિંમત રૂ. ૦-૨-૦

આ પુસ્તક મળવાનું ઠેકાણું.
ભાનેર કર્ત્તા પાસેથી.

કિંમત. ૦–૨–૦ કાચું પુંઠું.
,, ૦–૪–૦ પાકું પુંઠું.

પ્રસ્તાવના.

પ્રસ્તાવનાથી પ્રસિદ્ધ કરૂં છું કે, મનોહર ગાયનોથી માણુસનું મન હરી લઇ, તેને દેવ તરફ ખેંચી શકવા શક્તિમાન બનાવે છે. તેથી આ પુસ્તકનું નામ, મનોહર કાવ્યમાળા રાખ્યું છે, કારણ કે તેમાં અમૂલ્ય રત્નોરૂપી ગીતોનો સમાવેશ કર્યો છે.

(સુબોધ રત્નમાળા) આ ચોપડીને અમદાવાદ ડિસ્ટ્રિક્ટમાંના ઘણુાખરા ભાઇઓએ ઉપયોગ કીધો, અને વડોદરા ડિસ્ટ્રિક્ટમાંના કેટલાક ભાઇઓએ દુર્લક્ષ્ય આપ્યો. તેમના સમજવામાં એમ હશે કે, આ તો અલ્પબુદ્ધિના, સાધારણુ વર્ગના માણુસનું રચેલું કાવ્ય છે. ભાઇઓ ! એમ તો હશે પણુ, દેવની વાતો તો સાધારણુ નથી, પણુ મહાત્મ ભરેલી છે એમ આપ વિદ્વાનોએ સમજવું જોઇએ. એ ચોપડીને અલાયન્સ મીશનના કામદારોએ તેમજ તેમનાં મિસિ સાહેબે સ્વીકારી, જથ્થાબંધ નકલો ખરીદીને મને મદદ કરી છે; તેમનો મારા પ્રત્યે થયેલો ઉપકાર હું ભુલનાર નથી. હાલ તેમાંની બસો પ્રત હજુ સિલકમાં રહેલી છે, તેની કિંમત એક આનો રાખ્યો છે. થોડાક દિવસો ઉપર અમદાવાદ ડિસ્ટ્રિક્ટમાંના કેટલાક ભાઇઓ તરફથી એવો અભિપ્રાય મળ્યો કે, તમે બીજી કોઇ નવીન ચોપડી સરળ ભાષામાં રાગ રાગણીઓ સાથે તૈયાર કરો તો સારૂં ? અમો પણુ તે છપાવવાના કાર્યમાં બનતી મદદ આપીશું. આ પ્રમાણે મત આપનાર, રેવ. મુળજી નાનાભાઇ મુખ્ય છે, તેમજ નવીન રાગ લેવાની ધેમા રામાભાઇએ મને સૂચના આપી હતી. સદરહુ હેતુ મેં પાર પાડવાને આ ચાલુ વર્ષના એપ્રિલ માસમાં આ કામ કરવા આરંભ્યું, અને હાલ ટુંક મુદતમાં આ કાર્ય નિર્વિઘ્ને પૂર્ણુ કરી આ ચોપડી બહાર પાડવામાં આવી છે.

મનોહર કાવ્યમાળામાં કેટલાક ભાઈઓના મત પ્રમાણે, જૂદા જૂદા વિષયો લેવામાં આવ્યા છે. વળી જેવા જેવા પ્રસંગે, જેવા

જેવા વિચાર મારા અંતઃકરણમાં આવ્યા, તે પ્રમાણે ઈશ્વરના ગુણ ગાયા છે. તેની પછી નિશાળના વિદ્યાર્થીઓ અર્થે ધનઉડાઉ છોકરાનું આખ્યાન, ફારસ કરવા ગાયનોમાં રચ્યું છે, તેમાં એવી લાગણી કરી છે કે, પાપી મનુષ્ય દેવતરફ પાછો ફરે છે, ત્યારે દેવ બાપ કેટલા બધા પ્રેમથી તેને ચાહે છે. તે તેમાં દર્શાવ્યું છે, તે પછી નીતિબોધ સાખીઓ, તથા ધાર્મિક કેળવણી સંબંધી કેટલુંક લખાણ કર્યું છે, તે પછીથી જે મારા મિત્રો તરફથી મને અમૂલ્ય મદદ મળી છે, તે દરેકનું નામ, તથા ગામ, તેમજ આપેલી રકમ-દેખાડી હું તેઓને યાદ કરૂં છું. ઘણાક કંજુસ માણસ એક ચોપડી ખરીદતાં નિષ્ફળ નિવડે છે, પણ આ ભાઈઓએ પોતાના ઉપયોગ ઉપરાંત ખાસ મને મદદ આપવાને ઘણી નકલો ખરીદેલી છે, તેઓનો ઉપકાર માનવા જેટલું લખાણ કરૂં તે મને શોભતું છે, જેમ તેઓએ મને મદદ કીધી છે તેમ દેવ તેમના કામકાજમાં મદદ કરો. એજ મારી હમેશની પ્રાર્થના છે.

તા. ૩૧-મે-૧૯૧૬. } ઈબ્રાહીમ રણછોડભાઈ દેસાઈ.
કાવ્ય કર્તા.

મનોહર કાવ્યમાળા.

(૧) ઇશ્વર સ્તુતિ–ગીત.

રાગ માઢ

(સદોમ ગમોરા સોનાના દોરાહ એ—રાગ.)

આવોને અવીનાશી, સર્વ પ્રકાશી, કરો રૂદેમાં વાસ. ટેક.
મન મારૂં મંદિર બનાવી, પ્રેમ બીછાવું સેજ;
આપ બિરાજોને દેવ દયાળું, દાસ ઇચ્છે છે એજરે. આ. ૧
તમે દયાળું પરમ કૃપાળું, સર્વ દેવના દેવ;
ભાવ થકી હુંતો રૂડી રીતે, કરૂં તમારી સેવરે. આ. ૨
જળમાં તમે સ્થળ બનાવો, તમ નિધાથી થાય;
વિન કૃપાએ ઉંબી માંહે, અંગારો ભરાયરે. આ. ૩
તમો આગળ પ્રભુ અર્જ કરીને, ધરૂં મનરૂપી થાળ;
આપના ગુણોને ગાવાને માટે, બુદ્ધિ આપોને અપારરે. આ. ૪
દાસ કરે આજ આશ આપની, તમ કૃપા જોરે થાય;
તો મૂજ રાંક અબળની થકી, મનોહર કાવ્ય રચાયરે. આ. ૫

(૨) સમાગમ કરવાનું આમંત્રણ.

(સરખી સૈયરો મળી ગીત રૂડાં ગાઇએ એ—રાગ.)

ચાલો સજ્જનો મળી સમાગમ કરીએ. ટેક.
આવો અક્ષય ધન લેવા...લેવા...લેવા...લેવાહ...ચાલો. ૧
સતસંગ કરીએ ને, દુરગુણ ટાળીએ;
મલીન મનને ધોવા...ધોવા...ધોવા ..ધોવાહ...ચાલો. ૨
આપણો જે નાથ છે, પ્રભુ ઇસુજી;
તેના હું ગુણ કહું કેવા...કેવા...કેવા...કેવાહ...ચાલો. ૩

કોની તે ઉપમા તેને આપીશું ?
અન્ય નહિ જડે તેવા...તેવા...તેવા...તેવાહ...ચાલો. ૪
પાપી માટે તેણે પ્રાણ આપ્યો છે;
જીવન મુક્તિ દેવા...દેવા...દેવા ..દેવાહ...ચાલો. ૫
ખ્રિસ્ત રૂધિરમાં નિત્ય નિત્ય નહીએ;
કલંક ડાઘને ધોવા...ધોવા...ધોવા...ધોવાહ...ચાલો. ૬
તેના ચરણમાં હરનિશ રહીને;
કરીએ તેની સેવા...સેવા...સેવા...સેવાહ...ચાલો. ૭

---

(૩) ઈસુનાં વખાણ.

(તારી જટાનો જોશો લાગ્યો એ—રાગ.)

માનવ અવતાર લીધો ઈસુએ,
મહા મોટો ઉપકાર કીધો ઈસુએ. ટેક.

સાખી.

ઈશ્વિર તણો સુત એ, રહેતો સ્વર્ગી ધામ;
પાપી માનવ તારવા, ધાર્યું મનમાં કામ.
ભુતળે વાસો કીધો ઇસુએ, માનવ અવતાર લીધો ઇસુએ. ૧

સાખી.

બાળ વરસનો બાળ થઇ, ગયો મંદિર માંય;
પંડિતોની વચમાં, પ્રશ્ન કરે ત્યાંય;
આશ્ચર્ય પમાડી દીધો ઇસુએ; માનવ અવતાર લીધો ઇસુએ. ૨

સાખી.

કાના ગામના કામમાં, ઇસુ સગાં સાથ;
પાણીનો દ્રાક્ષ કરી, આપ્યો સૌને હાથ;
પહેલો ચમત્કાર કીધો ઇસુએ, માનવ અવતાર લીધો ઇસુએ. ૩

સાખી.

નાઈન નગરમાં નિરખો, વિધવાનો જે બાળ;
પુત્રના મરણથી, મા રૂવે અપાર.
તેને સજીવન કીધો ઇસુએ, માનવ અવતાર લીધો ઇસુએ. ૪

સાખી.

પરમાર્થના કારણે, લીધો છે અવતાર;
માનવનું દુઃખ ટાળવા, સહ્યો તેણે માર.
ધન્ય, ધન્ય તારૂં નામ ઇસુજી, માનવ અવતાર લીધો ઇસુએ. ૫

---

(૪) ઇસુ આગળ માર્થાની વિનંતિ.

(રાજી રહીએ સંગતમાંરે, રસીયા રાજકુમાર છો એ—રાગ)

શરણે રહીએ સદા તમારે, ઇસુ તારણ હારજો. ટેક.
અમારો આધારજો, તમો ઉપરે અપારજો;
લાગી તમને વારજો, ચાલ્યો નહી ઉપાયજો;
ચતુર સુજાણ, કહું શું વાણ, લાઝરસ મુઓ જાણજો. શરણે.
સ્વામીજી પધારશો, આજ અમારે ઘેર;
અબળાનાં દુઃખ ટાળવા, કરશો તમે મેર;
ઝાઝું શું કહીએ, બકવાદી બનીએ, ચાલો કબરની પાસજો. શરણે.
બેનોનું દુઃખ જોઇને, રૂદન કરે સૌ લોક;
ઇસુ સૌને દેખતાં, મુકે છે ત્યાં પોક;
ઇસુ પ્રેમી, દેખો રેમી, રડી પડયો નીરધારજો. શરણે.
પથ્થર કોરે કરાવીને, ઇસુ કરે ત્યાં અરજ;
ભક્તની વારે ચઢી, પુરી કરો ગરજ;
ઇસુનો ઘાંટો, લાઝરસ ત્યાંતો, સુણીને આવ્યો બહાર જો. શરણે.

---

(૫) ઇસુના નામની બલીહારી.

રાગ—ઠુમરી.

(મુખડાની માયા મને લાગીરે એ ઢબ.)

નામને છે બલીહારીરે (૨) ઇસુ તારા નામને છે બલીહારી. ટેક.
સ્વર્ગ છોડી આવ્યા છે, (૨) અધમો ઓધાર્યા છે;
વારે ચઢયા દયા ધારીરે, ઇશુ તારા નામને છે બલીહારી. ૧

કૌંસમાંનો બગડો બે વખત ગાવાનું દેખાડે છે.

ગામે ગામ ફર્યા છે, (૨) અચેતો ચેતાવ્યા છે;
દુ:ખીયાંનાં દુ:ખો દીધાં ટાળીરે, ઇસુ તારા નામને છે બલીહારી. ૨
દીન થઇ આવ્યા છે, (૨) નમુના શિખાડ્યા છે;
પ્રીતિ તણા બહુ ભારીરે, ઇસુ તારા નામને છે બલીહારી. ૩
જાચ્યું તો હું તેને જાચ્યું, (૨) નાચ્યું તેની આગળ નાચ્યું;
દાન તારણનું લેવા ભારીરે, ઇસુ તારા નામને છે બલીહારી. ૪
દયા કરો ઈસુ નાથ, (૨) હેત કરી ઝાલો હાથ;
દાસને લેજો તમે તારીરે, ઇસુ તારા નામને છે બલીહારી. ૫

---

(૬) દશમો ભાગ કેમ આપતો નથી?

(મન માયાના કરનારારે, એ—રાગ.)

જાણી, જાણી, દાનત તારી જાણીરે;
તું તો નીકળ્યો લુણ હરામી. ટેક.

સાખી— દશમો ભાગ તેં આપવા, કર્યો છે કરાર;
તે કેમ નથી આપતો? ગાફલ થઈ ગમાર.
આપી આવ્યો તું જુઠી જુબાનીરે, જાણી જાણી દાનત તારી જાણી. તું તો. ૧

સાખી—જગનું માન પામવા, કરતો મોટાં કામ,
ઈશ્વિર મહિમા કામમાં, ખરચ્યું નહિ કંઇ દામ;
બની બેઠો તું બેઈમાનીરે, જાણી જાણી દાનત તારી જાણી. તું તો. ૨

સાખી—ગુણ ઉપર અવગુણ કરી, ખેલ્યો ખોટા ખેલ;
કપટી કાળા માનવી, સેતાનનું કામ મેલ;
કેમ બાવરો બન્યો બેભાનીરે, જાણી જાણી દાનત તારી જાણી. તું તો. ૩

સાખી—શું પેહીને આવીયો, કર્યું નહિ તે કામ;
મીથ્યા કામો કરીને, ખોઇ બેઠો દામ;
ફર્યો મગરૂરી કરી મસ્તાનીરે, જાણી જાણી દાનત તારી જાણી. તું તો. ૪

---

(૭) ઈસુના નામને વારિજાઉં.

(રાગ—ગરબી પખાજની)

(લાલ વારે આવો તો, વહેલા આવજો એ—રાગ.)

વારી જાઉં ઇસુ તારા નામને જો,
છોડી આવ્યો તું, સ્વર્ગી ધામને જો. વારી ટેક.
દેવે પ્રીતિ કરીને, પુત્ર આપીયો જો;
તેણે આવી નવો, નિયમ સ્થાપીયો જો. વારી. ૧
બોધ કીધો છે, બાળા વેશમાં જો;
માની લીધો છે, દેશો દેશમાં જો. વારી. ૨
ઘણા રોગીના રોગો નિવાર્યા જો;
પાપી અધમને ઓધાર્યા જો. વારી. ૩
ભુખ્યા લોકોને ભોજન આપ્યાં જો;
તેણે ઘણાંનાં સંકટ કાપ્યાં જો. વારી. ૪
મુંગાં લોકોનાં મુખો, ખોલ્યાં જો;
તેના શબ્દે મુઆં, મુડદાં બોલ્યાં જો. વારી. ૫
તારા ગુણો તારો દાસ ગાય છે જો;
એ તો પ્રેમ થકી તને, ચાહાય છે જો. વારી. ૬

---

(૮) પ્રભુની પ્રીત મને લાગી છે.

(કાનુડો શું જાણે મારી પ્રીત એ—રાગ.)

પ્રભુની લાગી છે મને પ્રીત, બાંધી મેં તન મન અર્પી રે;
પ્રભુની લાગી છે મને પ્રીત. ટેક.
સમાગમ કરવાજીરે, સભામાં હું બેઠો ચહીને;
વાગ્યાં બોધ બાણુ મને, ધનનનનનરે. પ્રભુની૦ ૧
લ્હેતો ઘણી લાગીજીરે, પ્રભુ તણા નામનીરે;
ગુણ તેના ગાવા નાચું, છનનનનનરે. પ્રભુની૦ ૨
જાચું તો હું તેને જીરે, કીધી છે ઘણી તો મહેર;
ધુન તેની લાગી મને, ધનનનનનરે. પ્રભુની૦ ૩

મુજ ગુના માટે જીરે, વેઠી છે પીડા તો તેણે;
છાતીમાં પડે છે શેર, ચરરરરરરરે. પ્રભુની૰ ૪
તેને કેમ મુકું જીરે, વ્હાલા મારા પ્રાણથીરે;
કરૂં હરનિશ તેનું, મનનનનનરે. પ્રભુની૰ ૫

(૯) સદા સતસંગમાં રહો ?

રાગ—ગરબી પખાજની.

આનંદ અધિક આજ, સતસંગમાં;
દુરગુણ થાય છે દુર, અનુભવ કરી માનજો. ટેક.
મનુષ્યા અવતાર ધર્યો, પ્રભુ ભજવા;
તજવા કુડાં કામ, અનુભવ કરી માનજો. આનંદ. ૧
બોલો તો પ્રાણી વાણી, સાચ બોલજો;
બોલજો મીઠાં વેણ, અનુભવ કરી માનજો. આનંદ. ૨
ચાલો તો ચાલજો, સુચાલ પાંસરી;
બીજું નહિ આવે કામ, અનુભવ કરી માનજો. આનંદ ૩
જાગો તો જાગજો, જરૂર જાણવા;
માણવા સ્વર્ગીમોજ, અનુભવ કરી માનજો. આનંદ. ૪

(૧૦) સૌ દોષ મારા ટળીયા.

(મારા મનના માલિક મળીયારે એ—રાગ.)

મારા તારક ઈસુ મળીયારે, જોઈ દોષ સૌ તો ટળીયા;
અધમો ઓધારવા, કરવાં રૂડાં કામ; થયો માનવ એ અવતારી;
પાપીની ગમતો વળીયારે, જોઇ દોષ સૌ તો ટળીયા. મા. ૧
હેરોદનું મન દાઝીયું, ભકત જન હરખાય; જોઇ રંજન થયું મન મારૂં;
શુભ ગુણો મજમાં ભરીયારે, જોઇ દોષ સૌ તો ટળીયા. મા. ૨
જયના ડંકા વાગીયા, દૂતો ગાયે ગાન, ધમ ધમ ધમકે છે ઘુઘરી;
સૌ જયના નાદ ઉચરીયારે, જોઈ દોષ સૌ તો ટળીયા. મા. ૩
નિર્મળ મન સૌનાં થયાં, નિરખી તારક નાથ; નિર્મળ બુદ્ધિ થઈ મારી;
મારા મનના મનોર્થ ફરીયારે, જોઈ દોષ સૌતો ટળીયા. મા. ૪

(૧૧) મારો નાથ મને મળ્યો.

રાગ ગરબી પખાદની.

(તારા માથે કોપી રહ્યો કાળરે એ—રાગ.)

મેંતો જાણ્યા ઇસુ ગુરૂનાથ, જોવાને હુંતો નિસર્યોરે;
તેના માટે છોડી ઘરબારરે, વ્હાલાંને વિસર્યોરે. ટેક.
ધન ભાગ્ય મારૂં થયું કાજરે, નાથ મારો મળીયોરે;
મારા મનનો સર્વે વહેમરે, તેમનાથી ટળીયોરે. મેંતો. ૧
ખરો ભક્તિ તણો મારગરે, મુજને દેખાડયોરે;
મારા મનનો મનોરથ સર્વેરે, પાર તેણે પાડયોરે. મેંતો. ૨
મને કર્યો છે ખરો જાણુરે, અજ્ઞાન ટાળીરે;
મારા મનની સર્વે ભ્રાંતરે, દીધી નિવારીરે. મેંતો. ૩
ખરૂં લાગ્યું છે મારૂં ચિતરે, તેમને તો ભાળીરે;
તેની પ્રીતિ તણાં વખાણુરે, કરૂં નિત દહાડીરે. મેંતો. ૧
તેણે મુજ અધમના માટરે, અવતાર લીધોરે;
ખરા સત્ય ધર્મનો બોધરે, આવી મને દીધોરે. મેંતો. ૫
ધન્ય ધન્ય ઇસુ તારૂં નામરે, જાઉં બલિહારીરે;
ગુણ ગાય છે તારો દાસરે, લીધો મને તારીરે. મેંતો. ૬

(૧૨) મોટું દુઃખ મરણનું.

(દારૂ છે દુઃખ દેનાર સંતો ભાઇ એ—રાગ)

મરણનો મોટો છે માર, શીર પર મરણનો મોટો છે માર. ટેક.
નહિ બચે વૃદ્ધ જુવાન બાળકો, સૌનો કરે છે. સંહાર;
વાત કરતાં તેની બીક લાગે છે (૨) પડે છે મનમાં ફાળ. શીર. ૧
અગમ વિચારી કરો તૈયારી, લગાડો પ્રભુસેં તાર;
ઘર લાગેને કૂપ ખોદાવીએ, (૨) હોલાય ન અગ્નિની ઝાળ. શીર. ૨
ધન દોલત કે કુટુમ્બ કબીલો, ચાલે ન તેનું લગાર;
શાને તું ખાલી ગર્વ કરે છે, (૨) સર્વ એ રસ્તે જનાર. શીર. ૩

ઉગરવાને ઇચ્છા કરો તો, બતાવું તારણુ હાર;
મરણુ પર એ જીત પામ્યો છે, (૨) કરે છે સૌનો ઉધાર. શીર. ૪
પાપી માટે તેણે પ્રાણુને આપી, મોટા કર્યો છે ઉપકાર;
મરણુ સુધી તેને ન મુકુ (૨) મારે છે તેનો આધાર. શીર. ૫

---

(૧૩) ફુલણુજી ફુલાયો.

(ઓ પ્રેમાળ પતી ચાલો વૃક્ષમણી એ—રાગ)

ઓ ફુલણુજી ફુલાયો, કેમ ફુલી તું ગયોરે;
ફુલી કેમ ગયો, દેવને ભુલી કેમ ગયો. ઓ. ટેક. ૧

સાખી.

ધન ખરચી વરો કરી, શું શોધ્યું તેં માન;
સ્વાર્થી સંસાર છે, કેમ ભુલ્યો તું ભાન;
કેમ ભુલ્યો તું ભાન, તને શું કરૂં હું શાન. ઓ ફુલણુજી. ૧

સાખી.

શા કામે તું આવીને, શું લેઈ બેઠો કામ;
દેવ ગયો કેમ વિસરી, ના લીધું તેં નામ;
ના લીધું તેં નામ; તને બેસે નહિ દામ. ઓ ફુલણુજી. ૨

સાખી.

શું જઇ મોંહ દેખાડશે, દેવ તણે દરબાર;
ત્યાં કોણુ છોડાવશે, પડશે તને માર;
પડશે તને માર, ત્યારે કરશે તું વિચાર. ઓ ફુલણુજી. ૩

સાખી.

રટ હજુ કીરતારને, આવી તેની પાસ;
ખેદ કરી જો કરગરે, તે પુરી કરશે આશ;
તે પુરી કરશે આશ, કર ઇસુપર વિશ્વાસ. ઓ ફુલણુજી. ૪

---

(૧૪) મિથ્યા માન મુકી ખ્રિસ્તને ભજો.

(વિષય વાતને મમ માત તજીને એ—રાગ.)

લોકલાજ મરજાદ તજીને, ખ્રિસ્ત ભજન તું કર ભાવે; ટેક.
ગાફેલ નર શું ગોથાં મારે, અવસર ફરી ફરી નહિ આવે...
એઃ એઃ એઃ એઃ એઃ એ—લોક.
કામ ક્રોધ મદ મમતા મારી, ખ્રિસ્ત રટણ તું કર ભાવે;
જીવન ઇસુનું નામ મળ્યું છે,...આહા...આહા...આહા...આહા...
તો તું તેને નવ જાણે.—લોક.
જુઠી કાયા જુઠી માયા, અંતે કામ એ નહિ આવે;
મનુષ્યદેહ આ રત્ન મળ્યું છે...આહા...આહા...આહા...આહા...
તો તેને શીદ ગુમાવે. લોક.

---

(૧૫) આનંદી નાતાલ.

રાગ—ગઝલ.

(ખુશી ખુશી છે આજ એ ઢબ.)

આનંદ આનંદ છે આજ, આનંદ, આનંદ, છે આજ;
ઇસુ ખ્રિસ્તે પાપી માટે, છોડયું સ્વર્ગીરાજ. ટેક.

(ચઢતી ચોપાઇ.)

આકાશી દૂતો ઉતરે છે, ભરવાડોની પાસ;
ઘેટાંની તે રક્ષા કરતાં, દીઠા ખેતરવાસ. આનંદ. ૧
ત્યાં જઇ દૂત વધામણી કહે, બિક ન ધરશો કંઇ;
આજ જગતનો ગુરૂ જન્મ્યો, જૂઓ શહેરમાં જઇ. આનંદ. ૨
ઇસુ ત્રાતા જીવનદાતા, સ્વર્ગ તણો રહેનાર;
તેણે જુઓ માનવ કેરો, લીધો છે અવતાર. આનંદ. ૩
આકાશી એ દેવનો દીકરો, આ જગનો એ નહિ;
તોપણ દેખો કંહી સુતો છે, ગભાણ માંહે જઇ. આનંદ. ૪
દૂતોની સેના મળીને, ગાયે મોટા રાગ;
પરમ ઉંચામાં દેવને મહિમા, ભુએ શાંતિ અથાગ. આનંદ. ૫

ચાલો જઇને પાયે પડીએ, ત્રાતાને આ વાર;
દાઉદપુરમાં આનંદ કેરો, વર્ત્યો જયજયકાર. આનંદ. ૬
બાળકને નજરે જઈ દીઠો, મરીયમની તો સાથ;
ધન્ય ભાગ્ય અમારાં આજે, મળ્યા ઇસુ નાથ. આનંદ. ૭
ભુલેલા ચુકેલા લેવા, આવ્યો ઇસુ નાથ;
જે કોઇ તેને શરણે આવે, ઝાલે તેનો હાથ. આનંદ. ૮

---

(૧૬) ધન્ય છે ઈસુને.

વિવાહનો રાગ ધોળ.

(ગુલાબવાડી ચોટા વચ્ચે રોપીરે એ—રાગ.)

ધન્ય છે મારા ઇસુને બલિહારીરે;
મુજ પાપીને, લીધો છે ઉગારીરે. ટેક.
સત્ય ગુરૂ મેં તો તેને દીઠોરે;
પ્રેમ કરી પ્યાલો મેં તેનો પીધોરે. ધન્ય છે. ૧
પાપી અર્થે આપ્યો તેણે પ્રાણરે;
તેનાં હું તો કરૂં શું વખાણરે. ધન્ય છે. ૨
પ્રીતિ તેણે કીધી છે બહુ ભારીરે;
ભવસાગરથી લીધો મને તારીરે. ધન્ય છે. ૩
પરોપકારી કામો કરવા આવ્યોરે;
તારણનું નાવ ખરૂં લાવ્યોરે. ધન્ય છે. ૪
પ્રાણ આપી પાપ દીધું નીવારીરે;
કેવો જૂઓ પ્રેમી છે ઉપકારીરે. ધન્ય છે. ૫
દાસ ઉપર દયા તેની ઝાઝીરે;
ગુણો તેના ગાઓ સર્વે ગાજીરે. ધન્ય છે. ૬

---

(૧૭) સદા શરણમાં રાખો.

(સાહેબાજીરે, રૂડા ઉતારા આપો એ—રાગ.)

ઇસુજીરે...રૂડી મુક્તિ પમાડો;
આવ્યા અમો તમ સંગમાંજીરે. ટેક.

આવીયા જીરે, પીવા પ્રેમ રસ પ્યાલો;
આજે તમારા ચરણમાંજીરે. ઇસુજીરે. ૧
આ જગ સંસારને અમે છોડી, આપ શરણમાં રહીશુંજીરે;
દાસ તમારો દયા રાખો આપ હુકમમાં રહીશુંજીરે;
સુખ દુઃખ સર્વે સહીશુંજીરે, ગુણો અહોનીશ ગાઇશુંજીરે. ઇ૦

---

(૧૮) શેતાનને જીતવા સ્તુતિ.

(વારે ધાજો વનમાળીરે એ—રાગ.)

વારે આવો અવિનાશીરે, મારી વારે આવો અવિનાશી;
તમે વારે આવો અવિનાશી. ટેક.

સાખી.

શેતાન પાપ કરાવવારે, ફરે એ ગામે ગામ;
ભૂમિ પર એના વિનારે, ઠાલો ન દેખું ઠામ;
ક્યાં જાઉં એથી નાશીરે, મારી વારે આવો અવિનાશી. વારે૦ ૧

સાખી.

હરવખતે યુક્તિ કરેરે, ભુલાવવાને ભાન;
મુજને તો એ સર્વથીરે, દીસે છે બળવાન;
રહ્યો એથી વિમાશીરે, મારી વારે આવો અવિનાશી. વારે૦ ૨

સાખી.

હવાને ભુલાવવારે, શેતાન બન્યો સાપ;
ત્યાંથી માનવ જાતમાંરે, વળગાડ્યું છે પાપ;
કર્યાં પાપી જગવાશીરે, મારી વારે આવો અવિનાશી. વારે૦ ૩

સાખી.

ઇસુને ફસાવવારે, ધાર્યું શેતાને કાજ;
જો મારૂં ભજન કરે, તો આપું આ રાજ;
ઇસુએ કહ્યું જા, જા, નાશીરે, મારી વારે આવો અવિનાશી. વારે૦ ૪

સાખી.

દાસ ઉપર દયા કરીરે, બચાવો તત્કાળ;
હાથ જોડી વિનંતી કરૂંરે, જપું હું વારંવાર;
થયું છે મન ઉદાશીરે, મારી વારે આવો અવિનાશી. વારે૦ ૫

---

(૧૯) ઇસુનું પુનરૂત્થાન.

રાગ લાવણી.

(પામ્યો પામ્યો પદમણી નારીરે એ—રાગ.)

ઉઠયો! ઉઠયો! મરણુ મોઝારીરે;
એથી લીધા માનવને તારી. ટેક.
સુણો કબરમાં મુકેલો હતો; (૨)
પત્થર ઉપર મહા ભારીરે. ઉઠયો! ઉઠયો! ૧
ધરતી કાંપતાં દૂત દેખાયો; (૨)
પત્થર દીધો ગબડાવીરે. ઉઠયો! ઉઠયો! ૨
ધાકથી ચોકીદાર ધ્રુજી ગયા છે; (૨)
પડયા હેઠે મહોં ફાડીરે. ઉઠયો! ઉઠયો! ૩
દૂત બાઇઓને ઉત્તર દે છે; (૨)
ઇસુ ઉઠયો દેહ ધારીરે. ઉઠયો! ઉઠયો! ૪
તમે આવીને જગ્યાએ જુઓ; (૨)
કહો શિષ્યોને વાત સારીરે! ઉઠયો! ઉઠયો! ૫
હાલ ગાલીલમાં ચાલતો જાય છે; (૨)
જઇ જૂઓ નિહાળીરે! ઉઠયો! ઉઠયો! ૬
હરખાતી બાઇઓ ચાલતી થાય છે; (૨)
ઇસુ ભેટયો તે વારી રે! ઉઠયો! ઉઠયો! ૭

---

(૨૦) ચાડીઆને ગાવા ચાહો?

(મને માયાના કરનારારે એ—રાગ.)

તારી દાનત બગડી અનાડીરે,
ચંડાળ ચાડીઆ તું શીખ્યો કરવા ચાડી. ટેક.

સાખી.

ચાડી કરવા ચહીને, ચુગલીઓ જે થાય;
તે સદ્ગુણી ને બહુ ભલો ઉપરથી જણાય;
એ તો મારે છે ડંખ ઝેર કાઢીરે, ચંડાળ ચાડીઆ. ૧

સાખી.

કુસંપનું બી વાવવા, રચે ખોટા ખેલ;
કપટી કાળા મુખના, તું ચાડીનું કામ મેલ;
કાગ ચાંદાં જોવે શું નિહાળીરે, ચંડાળ ચાડીઆ. ૨

સાખી.

સુખ બીજાનું જોઈને, ભીતરમાં મુઝાય;
ખાલી ખોટાં તોમત, મુકવા ઉભો થાય;
ફરે બીજાને મુકાવા કાઢીરે, ચંડાળ ચાડીઆ. ૩

---

(૨૧) વિધવાપર ઈસુનો ઉપકાર.

રાગ ગરબી પખાદની.

(માળી આવ્યો ફુલ વેડવારે—એ રાગ.)

નાઇન નગરની ભાગોળેરે, આવ્યો ઇસુ જે વારજો;
સામી મળી એક ઠાઠડીરે, લોકો કરે પોકારજો. ૧
ઇસુ પુછે છે તેમનેરે, કેમ રડો છો યારજો;
શુંરે કહીએ પ્રભુ તમનેરે, મુઓ વિધવાનો બાળજો. ૨
નારીનો વિલાપ સાંભળીરે, ઇસુ વારે અપારજો;
કેમ કરી પ્રભુ વિસરૂંરે, મારો એકનો એક બાળજો. ૩
ખાંધીયાને ઉભા રાખવારે, ઇસુ બોલ્યો તત્કાળજો;
છોડી નાખો મારા બંધવોરે, કંઇ કરો ન વારજો. ૪
ઇસુ બોલ્યા ખૂબ જોરથીરે, ઉઠ જુવાન ભ્રાતજો;
રૂવે છે ઘણા ખેદથીરે, જોને તારી તો માતજો. ૫
મરણમાંથી ઉઠીયોરે, સુણી ઇસુનો સાદજો;
લે બાઈ તારો દીકરોરે, કર્યો સજીવન આજજો. ૬

લોકો અજાયબ પામીયારે, અરે આ શું કહેવાયજો;
ધન્ય ઈસુ તારા નામનેરે, કહી લાગ્યા છે પાયજો. ૭

(૨૨) અધિરા ધીરજ ધર.

રાગ ધોળ.

(પ્રભુનો મારગ છે સુરાનો—એ રાગ.)

ધર ધીરજ તું જીવ અધિરા, દેવ તો દેશે અન્ન જોને;
જગત તણો છે તેને ખટકો, માન્ય એવું મન જોને. ટેક.
શું ખાઇશુંરે શું કરીશું, ચિંતા શાની કરે જોને;
નાના મોટા જીવોનું જો, પેટ કોણ ભરે જોને. ધર. ૧
આકાશનાં પક્ષી સામું, ઉંચી શરતે ભાળ જોને;
તે સર્વેનું પોષણ કરવા, આપે કોણ આહાર જોને. ધર. ૩
શું પહેરીશું શું ઓઢીશું, એવું શું તું ધારે જોને;
તરૂવર તણો વિચાર કરો, કોણ એ પહેરાવે જોને. ધર. ૩
તે સર્વેના કરતાં તારો, ઉત્તમ છે અવતાર જોને;
પ્રગટ જેણે કર્યો તને, પાડશે એ પાર જોને. ધર. ૪
ચિંતા કરવાથી નહિ બને, ફીકર તજી ફર જોને;
મુજ દાસના સ્વામી ઉપર, ધીરજ તું તો ધર જોને. ધર. ૫

(૨૩) જગતમાં તારૂં કોઈ નથી.

રાગ લાવણી.

(મોહનજી મથુરાં નવ જાશો—એ રાગ.)

જગતમાં કોઇ નથી તારૂં, જગતમાં કોઈ નથી તારૂં;
મીથ્યા સુખને મોહિ રહી શું, માની બેઠો મારૂં. ટેક.
ઉડી જશે દેવતામાં જેમ દારૂ, ઉડી જશે દેવતામાં જેમ દારૂ;
એવું આ દુનિયાંનું લટકું, માન્ય કહ્યું મારૂં. જગતમાં. ૧
નારી તારી પ્રીત કરી વળગી, નારી તારી પ્રીત કરી વળગી;
રીઝે તો તુજને મોજ કરાવે, ખીજે જશે અળગી. જગતમાં. ૨

ભાઇ બેન પુત્ર નથી તારા, ભાઇ બેન પુત્ર નથી તારા;
એક બીજાની મતલબ ખાતર, વ્હાલ કરે વ્હાલા. જગતમાં. ૩
અરજ મારી સુણજો છેલ્લી, અરજ મારી સુણજો છેલ્લી;
સકળ સૃષ્ટિમાં જગત કર્તા વિન, બાજો નથી બેલી. જગતમાં. ૪

---

(૨૪) નફ્ફટ પ્રાણી.

(કમજાત રાણી પિંગળા—એ રાગ.)

નફ્ફટ પાપી પ્રાણીયા, તેં બહોત ગુનાહ કીયા;
મહાન ગુરૂ ઇસુને તો, કેમ તજી દીયા. નફ્ટ. ટેક.

(ચઢતી ચોપાઇ.)

સ્વર્ગભુવનથી આવ્યો ઇસુ, પાપીને સારૂ;
રાંક બની મરણને સહ્યું, માન્ય કહ્યું મારૂં. નફ્ટ. ૧
ખરો ત્રાતા જીવન દાતા, તેને વિસર્યો;
ભક્તિ મુક્તિ તેં ન જાણી, ઢોંગી થઇ ફર્યો. નફ્ટ. ૨
ભુલેલા ભટકેલા શોધી, તારણ એ આપે;
કર સ્મરણ તેનું તું નિત્યે, તુજ દુઃખ કાપે. નફ્ટ. ૩
માટે આવો ઇસુ શરણે, તે મહા દયાળુ;
ખેદ કરીને માફી માગો, તારણને સારૂ. નફ્ટ. ૪

---

(૨૫) દુઃખીયા દુર્જન લોક.

રાગ ચાબકો.

(પ્રાણીયા ભજી લેને કીરતાર—એ રાગ.)

દુઃખીયા છેરે દુરીજન લોક, સુખીઆ સંત વિરલા કોક. ટેક.
સુખ સામાનું જોઈ બળેને, અંતરમાં અતિ દાઝે;
સીધુંરે વચન વાળે નહિને, ઉલટો લડવાને બાઝે. દુઃખીયા. ૧
બેઠો બેઠો નિત્ય ગપ્પાં મારે ને, બોધ સુણે નહિ કાને;
લડાઇ કરતાં પાછું ન જુવે, કોઇનું કહ્યું નવ માને. દુઃખીયા. ૨

જુઠ કપટ ને ઠગાઇ કરવા, મચી રહે અતિ પુરો;
ભક્તિ સભામાં બેસે નહિ ને, રહે એથી જઈ દુરો. દુઃખીયા. ૩
ધુતી લૂંટી ધન ભેગું કરે ને, ગર્વ તણો નહિ પાર;
ધર્મના નામે ધન ના ખર્ચે, પ્રભુ નામે તો લગાર. દુઃખીયા. ૪
દોષદ્રષ્ટિથી સર્વેને દેખે, પોતે શુદ્ધ બહુ થાય;
અવગુણ ગ્રહે આખા ખલકના, મૂર્ખો એતોરે ગણાય. દુઃખીયા. ૫

(૨૬) મુકી દે જડ પાખંડ.

રાગ ગરબી પખાદની.

(પીલે શરાબ મઝેદાર મેરે યાર—એ રાગ.)

મુકી દે જડ પાખંડ મેરે યાર, શીદને કરે છે પ્રાણી વાર. ટેક.
કોઇ માને છે પીર પેગમ્બર, ઘણા પુજે છે પત્થર પહાડ. મેરે. ૧
એક દેવી તો બીજો દેવ આરાધે, જઇને પુજે છે કાષ્ટ ઝાડ. મેરે. ૨
કોઇ પશુ તો કોઇ ગ્રહોને પુજે, મૂર્ખાઇનો નથી રહ્યો પાર. મેરે. ૩
કોઇ કૃષ્ણ તો કોઈ રામ ભજે છે, એ છે કલ્પીત અવતાર. મેરે. ૪
અનેક દુર કરી એક માની લો, સૃષ્ટિ તણો સરદાર. મેરે. ૫
પતિવ્રતા નાર પતિને દેખે, તુજ ધણીને એમ ધાર. મેરે. ૬
એક પ્રભુ વિના અન્ય કલ્પીત છે, તેઓને તું તો ધિક્કાર. મેરે. ૭

(૨૭) ઈસુ તારણહાર.

રાગ બણઝારો.

માનો પ્રિય એ મિત્રો અમારા, ઇસુ જાણોને તારણહારા. ટેક.
સ્વર્ગ છોડી જગતમાં આવ્યા, એ તો મારે મન બહુ ભાવ્યા;
સૌને આપ્યા નમુના તો સારા, ઇસુ જાણોને તારણહારા. માનો. ૧
પ્રીત કીધી સર્વપર ધાડી, કોઇને મુકે નહિ એ કાઢી;
એવા પ્રેમી દયા કરનારા, ઇસુ જાણોને તારણહારા. માનો. ૨
રોગી દુઃખીપર રહેમ કીધી, કંગાલોની બરદાસ લીધી;
એતો પ્રિય મને બહુ વ્હાલા, ઇસુ જાણોને તારણહારા. માનો. ૩

(૨૮) ભક્તોની સહનતા.

રાગ લાવણી.

(સુણો સગ્રીવ માહરા રાજતણું વૃતાંત એ—રાગ.)

ઘણા ભક્ત જગતમાં, થઇ ગયા નર કેવા;
એ તો ગુણતણા ભંડાર, શું કહું એવા. ટેક.
ઇબ્રાહીમ નામે ભક્ત, તણી જુઓ કરણી;
એના વિશ્વાસ તણો નહિ પાર, કહું શું વરણી. ઘણા. ૧
તેનો પુત્ર બળિદાન કરવા, હુકમ જુઓ આપ્યો;
વચન શીરપર લઇ તેને મારતાં, પાછો નથી રાખ્યો. ઘણા. ૨
બીજો અયુબ કેવો ભક્ત, દેવથી ડરનારો;
તેના સંકટ તણો નથી પાર, અતિ દુખિયારો. ઘણા. ૩
દુઃખ સુખની માફક, સહન કરીને વેઠયું;
દેવે તેનું હતું તે, બેવડું પાછું તો ભેટયું. ઘણા. ૪
પાઉલ સ્તેફન ભક્ત, થઈ ગયા સારા;
ધર્મ માટે પોતાના પ્રાણ, ન કીધા વ્હાલા. ઘણા. ૫
પ્રભુ માટે બેડીઓ પહેરી, પડયા બંધીખાને;
તોય દેવની સ્તુતિ કરે, બની બંધિવાને. ઘણા. ૬
આ વિના બીજાંએ, દુઃખ સહ્યાં બહુ ભારી;
તેનો કહેતાં ના આવે પાર, કહું શું વિસ્તારી. ઘણા. ૭

---

(૨૯) આપ સ્વાર્થી ગરવા લોકો.

(કયારે તન, હક, નક, તડ, મડતા એ—રાગ.)

કેમ અરે થડ ચુકી, વળગ્યા છોરે ડાળ. ટેક.
બાવા બન્યા બેઠાં ખાવા, પ્રમોદી સંસાર;
ગુરૂશાન ગરવા એ તો, પાપીઓ અપાર. કેમ અરે. ૧
પોતે જરા સુધરે નહિને, બોધ કરે અપાર;
માગી ખાવા માટે, એક લીધો એ વેપાર. કેમ અરે. ૨
વેદ કેરો ભેદ એ તો, ન જાણે લગાર;
દેખા દેખી ટીલાં કરી, પાળે છે આચાર. કેમ અરે. ૩

કેવો ગુરૂ કરવો જોઇએ, કહું મારા યાર;
સ્વાર્થને શોધે નહિ, લે કલંક ભાર. કેમ અરે. ૪
અનાથનો નાથ છે, એક પ્રેમી તો દયાળ;
તમે તેની પાસે આવી, કરો સ્વીકાર. કેમ અરે. ૫

---

(૩૦) ચેત!! ચેત!!

રાગ ગરબો ફરતાં ગાવાનો.

(મારા બાળા તે પણના બેલીરે એ—રાગ.)

ચેત ચેત ઓ જીવ અભાગીરે;
રૂડો મનુષ્યદેહ જાય જોને જાગીરે. ટેક.

સાખી.

બાળાપણુ રમતાં ગાળી, ખેલ્યો બહુ ખુવારી;
આગળનો વિચાર ન કીધો, જોને જોને તું આંખ ઉઘાડીરે—
—ચેત ચેત. ૧

સાખી.

જુવાનીના જોરમાં તે, જપ્યા નહિ જગદીશ;
ખૂદ કર્તાને ભુલી જઈ, તેં તો પત્થરે પછાડયું;—
—જઇ શીશરે ચેત ચેત. ૨

સાખી.

વૃદ્ધપણું વૃથા ગુમાયું તોય ના આવી શાન;
શો પ્રભુને ઉત્તર દેશે, તારૂં કંઇરે બળી ગયું—
—ભાનરે ચેત ચેત. ૩

સાખી.

શાણુા નર કોઈ માની લઈ, બાંધો પહેલી પાર;
નીર આવ્યા પછી નહિ બને, રખે વ્યર્થ જાયે;
—ઉપાયરે ચેત ચેત. ૪

---

(૩૧) જાગૃત રહો.

રાગ—ગરબી પખાદની.

જાગજે જાગજે, અજ્ઞાની ઓ જીવ;
તારૂં કાયા નગર લુંટાય છે રે. ટેક.
શેતાન શત્રુ ભમે છે ચોપાસ;
સેના તેની તો ચગી રહીરે. જાગજે. ૧
સત ધર્મનો દીવો રાખજે હાથ;
સાવચેત થઇને તું ઉભો રહેરે. જાગજે. ૨
સતની કમર બાંધજે રાખી ખંત;
ન્યાયપણાનું બખ્તર પહેરજેરે. જાગજે. ૩
શાંતિની સુવાર્ત્તા પગમાં પહેર;
સામી વિશ્વાસની ઢાલ રાખજેરે. જાગજે. ૪
તારણનો તું મેલજે માથે ટોપ;
સતનું ખાંડુ હાથે ઝાલજેરે. જાગજે. ૫
આત્મિક યુદ્ધમાં લડજે ભલી પેર;
શેતાન શત્રુને હરાવજેરે. જાગજે. ૬

---

(૩૨) પ્રભુ ઇસુની સેવા.

રાગ ધોળ.

(આનંદ મંગળ કરૂં આરતી—એ રાગ)

તન મન ધનથી, હર્ષ ઉમંગથી કરો પ્રભુ ઇસુની સેવા. ટેક.
પાપી કાજે પ્રભુ જગમાં આવ્યા, ઓજો કલંકનો લેવા. તન. ૧
પ્રીત કરી માનવપર ધ્પાડી, દાન જીવનનું દેવા. તન. ૨
સર્વ તિર્થ ઇસુમાં સમાયાં, ગંગા યમુનાં રેવા. તન. ૩
ખ્રિસ્ત ઝરણમાં નીશદિન ના'જો, પાપના ડાઘને ધોવા. તન. ૪
ઇસુ વિના બીજો નહિ બેલી, સૌ એ દેવનો દેવા. તન. ૫

---

(૩૩) તુજ કરતાને ભુલી ગયો.

તંબુરાના રાગનું ભજન.

(અનુભવીની વાત અટપટી—એ રાગ)

તુજ ધણીને ભુલી ગયો, જેણે સુંદર કાયા તો તારી ઘડી;
તે પ્રભુના ગુણ ન ગાયા, મારની મારશે તને જડી. ટેક.
નેણાં આપ્યાં છે જોવા નિરખવા, તેની મુજ તેં નારે કરી;
કુદ્રષ્ટિથી કુડ કમાઇને, પાપની પુંજી તેં લીધી ભરી. તુજ. ૧
શ્રવણ આપ્યા છે બોધ સુણવા, ઉપયોગ તેનો નારે કર્યો;
સંત સભામાં કદી ન બેઠો, અચેત અંધ તું થઇને ફર્યો. તુજ. ૨
મુખ આપ્યું છે પ્રભુ ગુણ ગાવા, તેથી ઉચર્યો જુઠ પ્રાણી;
ફેલફતુરમાં મચી રહ્યો ને, મિથ્યા મોઝ તેં શું માણી. તુજ. ૩
કર આપ્યા છે સુક્રિત કરવા, કુડ કમાઇ તેં મોજ કરી;
તુજ ધણીની બીક ન રાખી, જરા જોયું ન મનમાં ડરી. તુજ. ૪
શીર આપ્યું છે પ્રભુને નમવા, અકડ થઇ તું શુંરે ફર્યો;
પ્રભુથી વિમુખ દુર રહીને, નર્ક કુંડમાં જઇને પડયો. તુજ. ૫

---

(૩૪) ઇસુને માનો.

રાગ ભજન તંબુરાનું.

(તમે નાતાલ જાવતોજી એ—રાગ.)

તમે માનો સજ્જન કોઇ યાર,
થાવ તૈયાર, થાવ તૈયાર, વાત સુણી મારી;
જગ પાપી માટે, દેહ ઇસુએ પાડી. ટેક. ૧
ધર્યો ઇસુખ્રીસ્તે અવતાર,
દીનદાતાર, દીનદાતાર, લેશે એ તારી;
જગ પાપી માટે, દેહ ઇસુએ પાડી. તમે. ૨
જે આવે ઇસુની પાસ,
રાખી વિશ્વાસ, રાખી વિશ્વાસ, શુભ આશધારી;
જગ પાપી માટે દેહ ઇસુએ પાડી. તમે. ૩

ના માનો બીજાને દેવ.
ખોટી એ કુટેવ, ખોટી એ કુટેવ, તજો નરનારી;
જગ પાપી માટે, દેહ ઇસુએ પાડી. તમે. ૪

(૩૫) યહુદાનો પસ્તાવો.

રાગ લલીતછંદ.

અરે મુજથી, ફેર શો થયો,
નિરદોષી ઇસુને, દોષિત કર્યો;
ના આવી દયા, મુજને જરી,
ઇસુ પકડાવીયો, શત્રુને કહી. ૧
લીધા રૂપીયા, ત્રીસ મેં ગણી,
પસ્તાવો બહુ થયો, દોષિત ઠરી;
બધા રૂપીયા, લોહીના કરી,
ફેંકી દીધા જઇને, યાજકો તહીં. ૨
પૈસા લોહીના, ના જોઇએ મારે,
ધિક્કાર છે મનેજ, લીધા મેં ત્યારે;
મોત ન આવ્યું, મુજને ત્યારે,
પરસ્વાધીન કર્યો, ઇસુને જ્યારે. ૩
દુઃખ મુંજનું, કયાં જઇ કહું,
વગર મરણથી, હવે હું મરૂં;
એમ કહીને, વગડે જઈ,
તરત મરી ગયો, ફાંસી તે ખઇ. ૪

(૩૬) જેવું કરે તેવું પામે.

રાગ વણુ.

જેવાં કામો જે કરે, પામે તે ફળ આખરે;
વાવે તેવું લણશે, એમ શાસ્ત્ર પુરે શાખરે.

(૩૭) એક દેવને અનુસરો.

રાગ માઢ.

(સદોમ ગમોરાહ, સોનાના દોરા એ—રાગ)

માનો એક ધણીને, પ્રેમ કરીને, ભજો પ્રભુને સર્વે. ટેક.
એક બીજાનું દેખાદેખીને, પુજે જઈ જડ પાખંડ;
અંત સમયના ન્યાયને વખતે, દેશે પ્રભુ તને દંડરે. માનો. ૧
જેના શબ્દ થકી સૃષ્ટિ બની છે, તે સૃષ્ટિ સરદાર;
પ્રેમ કરી તેના ગુણ ગાઓ નીત્ય, ઉતારશે ભવપારરે. માનો. ૨
એક પ્રભુને માન્ય કરીને, રાખશે દઢ વિશ્વાસ;
અન્ય દેવોને મુકી જે દેશે, પુરી થશે તેની આશરે. માનો. ૩
દુઃખ પડે પણ મન ડગે નહિ, રાખે ખરી એક પ્રીત;
જુઠ કપટ અન્યાયથી ન્યારા, એવી છે ભકતોની રીતરે. માનો. ૪

---

(૩૮) કાચી કાયા છે.

વિવાહનો રાગ ધોળ.

(વરતો શામળાનું ફુલ છે એ—રાગ)

મમતા શાનેરે તું કરે, પ્રાણી કરને વિચારજો;
કાયા તારી છે કારમી. ૧
સુત વીત મંદિર સુંદરી, સર્વે જુઠી જંજાળજો;
કાયા તારી છે કારમી. ૨
જેવું ઝાકળ નીર છે, એવું દીશે આ સ્થૂળજો;
કાયા તારી છે કારમી. ૩
મોહ્યો જગને તું પ્રાણીયા, ભુલી ફુલ્યો તું બાળજો;
કાયા તારી છે કારમી. ૪
ભક્તિ અમુલ્ય ધન છે, બીજું આકડા તુરજો;
કાયા તારી છે કારમી. ૫
ભજવા ચાહને તું ખ્રીસ્તને, ઉતારે ભવ પારજો;
કાયા તારી છે કારમી. ૬

---

(૩૯) બોધ ચેતામણી.

રાગ ગરબી.

(હેવે જોઈ પૃથ્વી પાપમાંરે એ—રાગ)

જગત પતિને ભજ તું ભાવથીરે, તારો ખૂદ છે એ કિર્તારજો. ૧
ચંદ્ર સુરજને તારા પૃથ્વીરે, મહિમા સૌ તેનો દર્શાવેંજો. ૨
તું પ્રભુને ગયો કેમ વિસરીરે, જગમાં આવી શું કમાયોજો. ૩
તલ, તલ, લેખું તારૂં માગશેરે, ઉત્તર તેને શો તું દેશેજો. ૪
પશુ પંખી જંતુ જીવથીરે, આપ્યો શ્રેષ્ટ મનુષ્ય અવતારજો. ૫
અમૃત આવ્યું તારા હાથમાંરે, ઢોળી વિષ પીવાને ધાયોજો. ૬
ખેવટીઆ ઇસુને શોધનેરે, ભવસાગરથી તને તારેજો. ૭

---

(૪૦) તારણ દાતા ખ્રીસ્ત.

રાગ ગરબી.

(વસીયો, વસીયો, વસીયોરે પ્રભુ ઇસુ મારે મન એ—રાગ.)

દાતા, દાતા, દાતારે, ઇસુ વિના અવર નહિ દાતા.
એ તો પ્રેમના પ્યાલા મને પાતારે, ઇસુ વિના અવર નહિ દાતા. ટેક.
ભવજળમાંથી ડુબતાં બચાવી, સ્વદેશમાં લઇ જાતારે. ઇસુ. ૧
મોહના મોજા મનમાં ઉઠતા, ઇસુના બોધે સમાતારે. ઇસુ. ૨
સુબુદ્ધિ આપે કુબુદ્ધિ કાઢી, ધન આત્મિક ઓળખાતારે. ઇસુ. ૩
ધન ભાગ્ય તે ખ્રીસ્તને માને, મૂર્ખ ફરે મદમાતારે. ઇસુ. ૪
ખ્રિસ્ત ઇસુ છે તારણદાતા, દાસને એ તો બહુ ચાહાતારે. ઇસુ. ૫

---

(૪૧) આંખ્યોના દુઃખની મારી ઈશ્વર સ્તુતિ.

(મને માયાના કરનારારે એ—રાગ.)

અંધા જનનો આયુષ ખોટો,
તેના શીરપર દુઃખનો છે સોટોરે. અંધા. ટેક.
સાખી—આંખ્યોના તો દરદથી, સુકાયું છે અંગ;
ધાર્યું કામ બને નહિ, આશા થાય છે ભંગ.
મારા મનમાં વળે છે પ્રભુ ગોટોરે. અંધા જનનો. ૧

સાખી—વેદના તમ વેદ છો, સૌ દુઃખોના જાણ;
હું તો પાપી પ્રાણીઓ, કરૂં શું વખાણ;
જડા બુટીનો શું પડ્યો ટોટોરે. અંધા જનનો. ૨

સાખી—દાસનું દુઃખ નિવારવા, કેમ કરો છો વાર;
અર્જ પ્રભુ રૂદે ધરી, આવોને તત્કાળ.
દુઃખ સહેવા શીદ કર્યો મને મોટોરે. અંધા જનનો. ૩

સાખી—જળમાં તમે સ્થળ કરો, સ્થળમાં કરો જળ;
અકળ કળા આપની, કરવું ન પડે બળ.
તમારા નામનો મહિમા છે પ્રભુ મોટોરે. અંધા જનનો. ૪

---

(૪૨) જગતના અંતની નીશાનીઓ.

રાગ પદ તંબુરાનું.

(મુક્તિનો મારગ મુકીને એ—રાગ.)

ચેતન નર કોઇ ચેતજો, કહું અંતની વાત;
નકલંક રાજા ઇસુ આવશે, સેના દૂતોની સાથ. ચેતન. ટેક.

ઠામે ઠામ લડાઇ જાગશે, એક બીજા વિરૂદ્ધ;
રાજ્ય પ્રજાઓ ઉલટી થશે, ઘણું મચશે યુદ્ધ. ચેતન. ૧

દુકાળપર દુકાળ આવશે, મરકી ચાલશે અપાર;
ધરતી અતિશે કાંપશે, સુણો મારારે યાર. ચેતન. ૨

આ બધાં દુઃખનો આરંભ છે, કહે ઇસુ આ વાર;
મારા નામેરે ધીક્કારશે, લોકો તમને અપાર. ચેતન. ૩

પ્રેમ ઘણાંનો થંડો થશે, જાણો નર તેમ નાર;
અંત સુધી જે ટકી રહેશે, પામશે તે ઉદ્ધાર. ચેતન. ૪

સુરજ અંધકારરૂપ થઇ જશે, ચંદ્ર આપે નહિ તેજ;
તારા બધારે ખરી જશે, કહું સાચું હું એજ. ચેતન. ૫

રણશીંગડાં ઘણાં વાગશે, થશે મોટો અવાજ;
નકલંક રાજા બિરાજશે, મુકી માથેમાં તાજ. ચેતન. ૬
એ જાણી ઘંટીએ દળતી, લેવાશે એક તે વાર;
માટે જાગૃત તમે થઇ રહો, ચુકશો નહિ લગાર. ચેતન. ૭

---

(૪૩) દેવના કૃપાદાનની સ્તુતિ.

રાગ ઝુલતો.

(ત્રીકમજી પ્યારા મારા એ—ઢબ.)

મનોહર માળાનો માળી બન્યો દાસ માને પ્રભુનો—
—ઉપકાર હોજીરે. ૧
હૃદય ભૂમિમાં મન બગીચો રોપાયા પ્રેમના—
—રોપ હોજીરે. ૨
ફાલી ફુલી ઘણા વધી ગયાને કરી ભૂમિ.
—રસાળ હોજીરે. ૩
ઇશ્વર કૃપાદાન વૃષ્ટિ તણાં તો આવે છે ઝાઝાં—
—પુર હોજીરે. ૪
દેવ મહિમાનાં પુષ્પ તેમાં તો ખીલે છે વિધવિધ—
—ફુલ હોજીરે. ૫
વાસ તેની તો ફેલાઈ રહે જેમ ઉડે આકડાનું—
—તુર હોજીરે. ૬
દાસે વીણી વીણી ભેગાં કરીને, ગુંથ્યો મનોહર—
—હાર હોજીરે. ૭
ધન્ય ધન્ય મારા દેવ દયાળું, તારી કૃપા તણો—
—નથી પાર હોજીરે. ૮

ભાગ ૨ જો.

ધન ઉડાવનાર છોકરાનું આખ્યાન.

રમત ગમત અને સમજ સાથે.

---

(૪૪) ઈશ્વરસ્મર્ણ.

રાગ ગઝલ.

અલખ નિરંજન, ભવદુઃખ ભંજન, જગ સરજન ઇશ્વિર કિર્તાર;
પાપ નિકંદન, પરદુઃખ ભંજન, (૨) પ્રાણપતિ એવા દીનદયાળ. ટેક.
સર્વ પ્રસંગે, હર્ષ ઉમંગે, નમી નમી લો ઇશ્વિરનું નામ;
પ્રીતે નિત્યે, સ્મર્ણ કરીએ, (૨) થાય આપણું પુરણકામ. અ. ૧
હેમજ સ્વામી, અંતરજામી, ખામી મારી સર્વે ટાળ;
પાપની માશી, આપી મુજને, (૨) કલંકનો ઉતારો ભાર. અ. ૨
સર્વ પ્રકાશી, મહા શુન્યવાસી, અવિનાશી છો દેવના દેવ;
પુરી પ્રીતે, સારી રીતે, (૨) કરૂં હરનીશ હું તારી સેવ. અ. ૩
દુષ્ટ બુદ્ધિ, મુજ દુર કરીને, શુદ્ધ સારા આપો વિચાર;
કૃપાળુ કૃપાના સાગર, (૨) તુજ સેવકને પાર ઉતાર. અ. ૪

શાસ્ત્રપાઠ, લુક. ૧૫-૧૧-૩૨.

(૪૫) બાપ પ્રવેશ કરી બોલે છે.

(જેને પુત્ર નથી તેનું જીવતર નથી—એ રાગ.)

જે ઘેર સંપ નથી, ત્યાં તો જંપ નથી; (૨)
તે ઘરમાં દુઃખ છેરે અતિ.................. ટેક.

સાખી.

ક્લેશ કદી મટે નહિ, ત્યાં ભલું ન થાય;
મળવા આવી સજ્જનો, જોઇ પાછા જાય.
ધિક્કાર અરે, આવાં માણસ મળે; (૨)
તે નરનું દુઃખ નહિ ટળે...............જે ઘેર. ૧

(૪૬) નાનો છોકરો બાપને અર્જ કરે છે.

રાગ શરણુગત.

નમન કરૂંરે નમન કરૂંરે, પીતા તમને તોરે. હેઃ એ. નમન.

સાખી.

કરજોડીને કરગરૂં, લળી લળી લાગુ પાય;
પુત્ર પર પ્રીત કરી, કરજો મારી સાહ્ય;
દયા પીતા કરજો (૨) પ્રાર્થ દીલ ધરજોરે. હેઃ એ. નમન.

સાખી.

અરજ કરૂં હું આપને, સુણોને મારા તાત;
મિલકતના ભાગ કરી, આપો મારે હાથ.
હું છું બાળ તારો, (૨) માટે ભાગ આલોરે. હેઃ એ. નમન.

ટીકાઃ—બાપ—અરે પુત્ર તું આ શું બોલે છે, તારાં વેણ સુણી મારૂં અંતઃકરણ વીંધાઇ જાય છે, માટે મારી શીખામણ માન.

(૪૭) બાપ પુત્રને શીખ દે છે.

(માન માન માનુની મારૂં—એ રાગ.)

માન્ય માન્ય કહ્યું તું મારૂંરે, ધન હરી લેશે કોઈ તારૂં. ટેક.
ધન જોબનને વાર ન લાગે, (૨) આગ્યાનું અજવાળુંરે. મા. ૧
પૈસા દેખી સૌ પ્રીત કરે છે, (૨) આપ સ્વાર્થ સારૂંરે. મા. ૨
ધન ઉડાવતાં વાર ન લાગે, (૨) દેવતામાં જેમ દારૂરે. મા. ૩
પૈસા વિના પતીત ન રાખે, (૨) કાઢી મુકે વહુ વારૂંરે. મા. ૪
કેમ જરા તું બોલતો નથી, (૨) મુખે દીધું શું તાળુંરે. મા. ૫

ટીકાઃ—પુત્ર—ના પીતાજી ના, આપ મને ગમે તેમ કહેશો પણ હું અત્યારે માન્ય કરનાર નથી, માટે મિલકતનો જે મારો ભાગ આવે તે મને આપ.

(૪૮) બાપ પુત્રને ભાગ આપતાં કહે છે.

(કુકર્મીરે કામી શું ન કરે—એ ઢબ.)

આપમતીઓ નર શું ન કરે, એ તો શીખ નહિરે ધરે. આપ. ટેક.

મન માને તેવાં કામ કરશે,
શીખામણ રૂદે નહિ ધરશે; (૨)
આ ભાગ લે તું તો ખરે... .. આપ. ૧

---

(૪૯) ધન લઇ પુત્ર રાજી થઇ બોલે છે.

(વાહરેજી, વાહરેજી, વાહરેંજી વાહ—એ રાગ.)

પુત્ર—વારેજી, વારેજી, વારેજી વાહ (૨) ધન મળ્યું ભલે ઉડાવા હા.
બાપ—નારેજી, નારેજી, નારે ના ના (૨) પછી તને યાદ આવશે હા.
પુત્ર—મન ઘોડા દુર દેશ તું જા (૨) મોજ ઘણી ત્યાંતો માણજે હા.
બાપ—માન તું માન તું ના જતો ના (૨) દુઃખ તને ત્યાંતો પડશે હા.
પુત્ર—હે મારા મન તું ગમે તે ખા (૨) હોટલે બેશીને પીને તું ચાહ.
બાપ—જતન કરી તું લઇને જા (૨) વધારો કરીને તેમાંથી ખા.
પુત્ર—વારેજી, વારેજી, વારેજી વાહ (૨) ધન મળ્યું ભલે ઉડાવા હા.

---

(૫૦) પુત્ર દુર દેશ જતાં સૌને સલામ કરે છે.

રાગ પીંગળાનો.

સલામ પ્રીતથી કરૂં, પીતાને છેલ્લી વાર; (૨)
દુર દેશ જવાને હું તો, થયો છું તૈયાર. સલામ. ટેક.
ધન માલ ધામને, આ ગામને સલામ; (૨)
સલામ વ્હાલી માતને, મુજ ભ્રાતને સલામ. સલામ. ૧.

---

(૫૧) પુત્રના વિયોગથી બાપનો ખેદ.

લલિત છંદ.

અરર હાયરે, કેર શો થયો;
પુત્ર મારોરે, ક્યાં જતો રહ્યો.

પુત્ર પ્યારારે, ભટકી ગયો;
ખેદ મારોરે, ન જાય સહ્યો.
શીખ ન માની, તેં તો મારીરે;
શી ગતી થશે, પુત્ર તારીરે.

---

(૫૨) ધન કેવી રીતે ઉડાવે છે તે વિષે.

(સૈદા તારો ખૂબ છે દાડો એ.—રાગ.)

ઉડાઉ થઇ રોક ઉડાયોરે, પોતાનો સૌદામ ગુમાયોરે. ટેક.
ધન પોતાનું લઇને ચાલ્યો, રહ્યો જઈ દુર દેશ (૨)
મન ગમતાં કપડાં વ્હોરી, લીધો શોખીનનો વેશ;
છેલીયો છેલ દેખાયોરે. ઉડાઉ થઇ. ૧
નવા નવા નિત્ય પોશાક, પહેરી ચાલે બજારોની માંય(૨)
પર ત્રીયા સાથે પ્રીત બાંધીને, ગયો તેઓને એ ત્યાંય;
કસએણો ઘેર ભરાયોરે. ઉડાઉ થઇ. ૨
કામ દેખીને કંટાળો કરે, ખાવા જોઇએ નવાં વિધ (૨)
દુકાનોમાંની મીઠાઈ લેવા, દામ ખરચ્યું નિત્ય.
દીવાનો બની દંડાયોરે. ઉડાઉ થઇ. ૩
અફીણ, દારૂ, તાડી પીવામાં, આનંદ માન્યો અપાર(૨)
ભાન ભુલી ભુમી પર આળોટે, લોક કહેરે ધિક્કાર;
લંપટ તો ના લજવાયોરે. ઉડાઉ થઇ. ૪
એમ કરતાં ખરચી ખુટીને, દુકાળ પડયો તે વાર(૨)
આખરે લુગડાં વેચીને બેઠો, મિત્રોએ કર્યો ધીક્કાર.
ભિખારીએ રોફે બનાયોરે. ઉડાઉ થઇ. ૫

ટીકાઃ—ઉડાઉ—અરે ગરીબના બેલી ઇશ્વિર, હવે તારા વિના મારે કોઇનો આધાર નથી. માટે અનાથની વારે આવી સહાય કરો.

(૫૩) ઉડાઉની સ્તુતિ.

(મોહનજી મારા વસીયા મન આવી એ—રાગ.)

પ્રભુજી વારે ચઢી આવો, દાસનો આવ્યો દુઃખ દાડો;
વળી શા માટે નહિ આવો, દાસનો આવ્યો દુઃખ દાડો. ટેક

લળી લળી તમને કહું આવો, ઉડાઉને દુઃખથી છોડાવો. પ્રભુજી૦
હાથ જોડી, હાથ જોડી, હાથ જોડી,
નથી આ વિપતી થોડી, દુઃખ સૌ આવ્યાં છે દોડી. પ્રભુજી૦
દયા લાવો, દયા લાવો, દયા લાવો,
અરે આ દુઃખથી છોડાવો; ઉડાઉની વારે વ્હેલા આવો. પ્રભુજી૦

ટીકાઃ—ઉડાઉ—અરે પ્રભુ હવે તું મારા, માટે કોઇ સાહ્યકારી મોકલ કે મને કંઇ પણ મદદ આપે.

---

(૫૪) તે દેશનો વતની પ્રવેશ કરી કહે છે.

રાગ લાવણી.

(સુણો સચીવ માહરા એ—રાગ.)

કોઇ કહો મુજને, દેશ તણું વૃતાંતે;
સૌ સુખી કે દુઃખી, કહો આવીને ખાંતે. ટેક
દુકાળ પડયો આ, દેશ મધે બહુ ભારી(૨)
માટે રૈયત તો દુઃખી, હશે બીચારી. કોઇ.
હું નીરાધારને, આપું છું આધારે(૨)
શોધીને લાવો મારી પાસે આ વારે. કોઇ.

---

(૫૫) વતનીનો નોકર કહે છે.

(ગૌબ્રાહ્મણ પતિપાળ મહારાજા એ—રાગ.

કરકસરથી રૈયત વરતે છે, માટે દુકાળ દુઃખ ભાગે છે;
પણ એક આવી ઉડાઉ મુસાફર, ભીખ ઘેર ઘેર માગે છે.
ઘણું ઘણુંરે જીવો દેશ વતની તમો (૨)
લોકો ઉપર દયા રાખો છો.
આપને હું અર્જ કરૂં છું, ઉડાઉને કંઈ આપો છો.

ટીકાઃ—વતની-મારા આજ્ઞાકિત નોકર, તું તેને બોલાવ, હું તેને ભુંડ ચારવાની નોકરી આપીશ.

---

(૫૬) નોકર ઉડાઉને બોલાવે છે.

(વહેલા ઉઘાડોને દ્વાર સાવરીઆ સુરા એ—રાગ.)

વહેલો આવને હજુર, ઓ ઉડાઉ બંધું;
વહેલો આવને હજુર. ટેક.
કર અમ સંગ, અંગ રંગ લાવી, કુમતિ કરી દે દુર,
ભુંડાને ચારવાથી તને, ખાવા મળશે ભરપુર. ઓ.

ટીકાઃ—વતની—અરે ઉડાઉ તું આજથી મારાં ભુંડ ચારવાને જા. હું તને તેના બદલામાં ખાવાનું આપીશ.

ઉડાઉ—બહુ સારૂં મારા મુરબ્બી. પ્રભુ આપનું ભલું કરશે.

---

(૫૭) જંગલમાં ભુંડ ચારતાં ઉડાઉ ખેદ કરે છે.

રાગ વેરાવળ.

(ભેખ ઉતારો રાજા ભરથરી—એ રાગ.)

દુઃખ મારૂંરે કોને કહું, થયો આપે હેરાનજી;
ચીંતાને ડુંગરે જઇ ચઢ્યો, ભુલ્યો હું મારૂં ભાનજી. દુઃખ. ૧
માત તાત વ્હાલા ભ્રાતને, છોડી આવ્યો દુર દેશજી;
ધન બધુંરે ખર્ચી દેઇ, કરી મેં ખોટી એસજી. દુઃખ. ૨
આ કેવાં ભુંડોને ચારવાં, લેખ મારે આ વનજી;
બદફેલીમાં ભુંડા ભોગથી, આવ્યો મારો આ દનજી. દુઃખ. ૩
જે શીંગો ભુંડો ખાય છે, ખાવા તે થાય મનજી;
ધિક્ક પડયું મારૂં જીવવું, ખોઇ બેઠો હું ધનજી. દુઃખ. ૪

ટીકાઃ—ઉડાઉ—અરેરે મારા બાપના કેટલા બધા મજૂરોને પુષ્કળ રોટલી મળે છે, ને હું તો અહીં ભુખે મરૂં છું. હું ઉઠીને મારા બાપની પાસે જઇશ.

(૫૮) બાપ દુરથી પુત્રને આવતાં દેખી બોલે છે.

(આવો ભાઇઓ આવો બેનો—એ રાગ.)

પરમેશ્વરે ભીડ ભાગી છે મારી, ભક્તની વારે આવીરે. ટેક.

પેલો જાણે પુત્ર મારો, દેખું છું હું તેવોરે. પરમેશ્વરે.
તેની સ્થિતિ આવી જોઈ, દયા મને આવે છેરે. પરમેશ્વરે.
સામે જઇને તેને ભેટું; વહેલો વહેલો દોડીરે. પરમેશ્વરે.

---

(૫૯) ઉડાઉ બાપને અરજ કરે છે.

(દાસ પરે દયા લાવોરે—એ રાગ.)

રાંક પરે રેમ લાવોરે, દયાળુ પીતા;
રાંક પરે રેમ લાવો. ટેક.
બાપ મેં કીધું છે પાપ, તમો આગળ તો અમાપ;
નથી પુત્ર ક્હેવા લાયક તારોરે. દયાળુ પીતા. ૧
નોકર જેવો મુજને ગણો, પીતા અરજ દીલમાં ધરો;
વારે બાપ આવો, આવો, આવોરે. દયાળુ પીતા. ૨
પીતા આપને તરછોડી, પ્રીત ખોટા સંગમાં જોડી;
તેથી બન્યો હાલ મારો આવોરે. દયાળુ પીતા. ૩
માની ન તમારી શીખ, તેથી મેંતો માગી ભીખ;
ખાધો ભુખે ભુંડો ભેગો ચારોરે. દયાળુ પીતા. ૪

---

(૬૦) બાપ નોકરોને હુકમ કરે છે.

રાગ ક્ષત્રીકલંક.

આવો આવો નોકરો મારી પાસ, દયાળુ હુંતો અતી ઘણોરે;
પુરી કરોને મારી આશ, દયાળુ હુંતો અતી ઘણોરે. ૧
સારો જામો પહેરાવો ભભકાર, દયાળુ હુંતો અતી ઘણોરે.
હાથે વીંટી ઘાલો આવાર, દયાળુ હુંતો અતી ઘણોરે. ૨
જોડા લાવી પહેરાવો આ ઠાર, દયાળુ હુંતો અતી ઘણોરે,
વાછરડાને કરાઓ તૈયાર, દયાળુ હુંતો અતી ઘણોરે. ૩
ખાઇ આનંદ કરીએ અપાર, દયાળુ હુંતો અતી ઘણોરે;
મારો જડયો છે નાનો બાળ, દયાળુ હુંતો અતી ઘણોરે. ૪

---

(૬૧) બાપ, આનંદ કરવા ગીત ગવડાવે છે.

રાગ ઝુલતી ચોપાઇનો.

(આવો મારા નંદલાલ પહેરાવું હાર એ—રાગ.)

કરો મારા નોકરો, આનંદ અપાર;
આનંદ અપાર, મારો જડયો છે બાળ. કરો. ટેક.
પાઇનું તો પક્વાન પડાવી, તેડુ નરને નાર;
છોકરાં છૈયાં લાવશો નહિ, મોટા ખાશો માર. કરો.
ગાવ ખૂબ જોરથીને, નાચો મારા યાર;
આજે મારા હર્ખનો તો, રહ્યો નથી પાર. કરો.

---

(૬૨) વડો છોકરો ખેતરમાંથી આવી ચાકરોને પુછે છે.

રાગ ઠુમરી, ચઢતી ચોપાઇ.

મારા ચકોર ચાકરો મને કહો, વાત સાચી. (૨)
કહો વાત સાચી, લોકો કેમ રહ્યા છે નાચી, (૨) મારા. ટેક.
વરો તેમ વિવા નથી, બીજું ન જણાઇ,... (૨)
આ તો મને એકદમ લાગે છે, નવાઇ. ... (૨) મારા. ૧
હું ગયો તો ખેતરમાં ચારો લેવા આજે... (૨)
આવતાં આવતાં મારા કાને પડયા છે અવાજે. મારા. ૨

---

(૬૩) ચાકર વડા પુત્રને કહે છે.

રાગ બણઝારો નાટકનો.

(જા, જા, ને દુષ્ટ હું નાશી એ ઢબ.)

સુણ, સુણ, તું બંધુ હમારા, કહું તને સમાચાર સારા. ટેક
તારો ભાઇ જે ખોવાઇ ગયો, (૨) પાછો આવી તારે ઘેર રહ્યો;
તેથી હર્ખ કર્યો છે અપારા, સુણ સુણ તું બંધુ હમારા. કહું૦
તારા વાછરડાને આજ કાપ્યું (૨) ઉત્તમ ભોજન સૌને આપ્યું,
ખાઇ હર્ખ કરે ગાનારા, સુણ સુણ તું બંધુ હમારા. કહું૦

ટીકા—વડો પુત્ર-અરે આ તે શું કહેવાય. તેણે મારા માટે કે મારા મિત્રોના માટે કંઈ પણ આપ્યું નથી અને આ રઝળતો આવ્યો તેના માટે આટલું બધું કર્યું. માટે તેઓની મધ્યે જવું મને ઉચિત નથી.

---

(૬૪) બાપ બહાર આવી પુત્રને આજીજી કરે છે.

રાગ. ત્રણ કમકાની કુંમરી

ઓ પુત્ર મારા પ્રાણથી પ્યારા કેમ રહ્યો છે દુર.
કેમ રહ્યો છે દુર આવ બાપની હજુરઃ ઓ પુત્ર....ટેક.
ઝાકળના નીર જેવું દીસે છે, આ સ્થુળ—(૨)
નથી જરા મજબુત એક પણ મુળ, (૨)...ઓ પુત્ર. ૧
કાયા એક દિન બનવાની જોને ધુળ;—(૨)
માટે તારા ભાઇને ભેટ હર્ખ લાવી ઉર—(૨)...ઓ પુત્ર. ૨

---

(૬૫) વડો પુત્ર ગુસ્સે થઇ બાપને કહે છે.

(કરણ મરણ આણ્યું તારૂં એ રાગ.)

શું પીતા તમ વાત કરો છો, કયાં ગઇ ગતિ;...
આવડો શાનો હર્ખ લેઇ બેઠા છો અતિ.....ટેક.
ઘણાં વરસથી તારી મેં ચાકરી કરી..........
તે છતાં લવારા સરખું આપ્યું ન જરી......... શું પીતા. ૧
દુર દેશ જઇ જોને, બદનામી તો કરી.........
કસબેણોની સાથે મિલકત ખઇ ગયો ધણી...... શું પીતા. ૨
તેના માટે તેં તો હર્ખ કર્યો છે અતિ;.........
મારા માટે કસું કદી આપ્યું તેં નથી૦ .... શું પીતા. ૩

---

(૬૬) બાપ આગ્રહ કરી, પુત્રને સમજાવે છે.

કવાલિ'રાગની ઠુમરી.

(જગદિશ જયરે હો, જગદિશ જયરે—એ ઢબ.)

માન્ય માન્ય મારૂંરે, માન્ય માન્ય મારૂંરે;
જોને થશે એથી સૌ સારૂંરે......માન્ય...ટેક.
તુંતો મારી સાથ, નિત્ય જો રહે છે...(૨)
મારૂં સઘળુ માન્ય તારૂંરે, માન્ય, માન્ય. ૧
ખુશી થવાનું ઉચિત હતું..............(૨)
માટે તને હુંતો વારૂંરે,...(૨) માન્ય, માન્ય. ૨
ઘણા વરસથી મુઓ જે હતો,.........(૨)
જીવતો જડયો તેથી સારૂંરે...(૨) માન્ય, માન્ય. ૩
ખોવાઈ ગયેલો ફરીથી મળ્યો.........(૨)
દયાળુ કર મન તારૂંરે...(૨) માન્ય, માન્ય. ૪

---

(૬૭) વડો પુત્ર બાપ પાસે માફી માગે છે.

શાંત થાવ, શાંત થાવ, તમે ઋષિરાજ—એ ઢબ.

માફ કરો, માફ કરો, પિતા મારા બાપ;
ખોટા હુંતો બોલી ગયો છું અરે, જવાબ. માફ કરો. ટેક.

સાખી.

પુત્ર કપુત્ર બને, બાપ કબાપ ન થાય;
ગુનો કરે પુત્ર પણ બાપ ભુલી જાય. માફ કરો, માફ કરો.

સાખી.

આખ્યાનને યાદ કરી, પાપી જો પસ્તાય;
તેને મારો બાપ તો, પ્રેમ કરીને ચાહ્ય. માફ કરો, માફ કરો.

---

(૬૮) પ્રાર્થના સ્તુતિ.

(પ્રભુજી મારા સ્વામી—એ રાગ.)

વિશ્વપતિ અમ સ્વામી, નમીએ તુજને શીરનામી. ટેક.
પ્રીતિ તારી, છે બહુ ભારી, આજ અમોએ જાણી. વિશ્વ૦ ૧

અમો પાપી, આપો માફી, છે ધણી તો ખામી. વિશ્વ૦ ૨
અરજ અમારી, ઉરમાં આણી, લો ગગનના ગામી. વિશ્વ૦ ૩

આખ્યાનનો સારાંશ.

મારા પ્રિય સજ્જનો! આ ધન ઉડાઉના આખ્યાન પરથી લેવાનો ટુંક બોધ આ છે કે, આપણ દરેક મનુષ્ય જાત આપણા ખૂદ ઉત્પન્નકર્ત્તા દેવ બાપનો મહિમા કરવાને આ જગતરૂપી દુરદેશમાં આવ્યા છીએ, અને વિચાર કરતાં માલમ પડે છે કે, માનવની જીંદગીનો મુખ્ય હેતુ એજ છે કે દેવનો મહિમા કરવો. પણ જો તેમ ન કરતાં, દુનિયાંની મોજમજામાં આયુષ્ય ગુમાવતા હોઇએ તો જરૂર જાણો કે આપણે પણ ધન ઉડાવનાર છોકરાની માફક આપણા ઉત્પન્નકર્ત્તા દેવ–બાપની ગમ પાછા ફરીને પસ્તાવો કરી, માફી માગવાની ઘણી જરૂર છે. માટે મારા બંધુઓ! વિચારમાં વિનાશ થાય નહિ. જુઓ હમણાંજ; માન્યકાળ; જુઓ હમણાંજ તારણનો દિવસ છે, ૨. કરંથી. ૬:–૨, કેમકે સમય પાસે છે–પ્રકટી. ૨૨;–૧૦.

લી૦ ૪૦ ૨૦ દે૦ કા૦ ક.

નીતિબોધ સાખીઓ.

(૬૯) કાયાની ખોજ કરવા વિષે.

કાયા ખોજના કથનમાં, મથન કરે ઘણા લોક;
પાણીનું વલાણું માનો, મહેનત જશે સર્વ ફોગ. ૧

(૭૦) પ્રભુને ખોળવા વિષે.

ખોળ્યામાં ભાઇ ખપી જશો, હિંમત જશો હારી;
કર્તા વસ્તુ હાથ નહિ લાગે, દેવ ગતિ છે ન્યારી. ૨

(૭૧) તિર્થયાત્રા વિષે.

તિર્થમાં તમો શું કરવાને, દોદસ મરો દોડી;
મન શુદ્ધ એમ ના બને, જો એ પત્થર પાણી. ૩

(૭૨) મૂર્તિ વિષે.

જડ જેવા લોક જડને પુજે, બોલતાને નવ બુઝે;
ઘૂવડ જેવા ગમના અંધા, અર્ક ઉદે નવ સુજે. ૪

(૭૩) કર્મ માનવા વિષે.

કર્મ, કર્મ, શાનું માની, મિથ્યા વહેમ ધરો;
કર્મ તમને આપતું હોય તો, શીદને મહેનત કરો. ૫

(૭૪) તપ કરવા વિષે.

તપનો કંઈ ખપ નથી, ફોગટ કષ્ટ કરો;
મર્મભેદ જાણ્યા વિના, વૃથા બળી મરો. ૬

(૭૫) ટીલું કરી ભક્તાઈ દેખાડવા વિષે.

ટીલામાં તમ શું તપાશી, કરો છો રોજ દાઢી;
દેવ તમારાં કામ જાણે છે, મુકશે અંતે કાઢી. ૭

(૭૬) સ્નાન કરવા વિષે.

ભીતર મેલ ભર્યો અતિ પુરો, તન પર રેડે પાણી;
ગુપ્ત બગલમાં કાતી રાખી, બોલે મીઠી વાણી. ૮

(૭૭) અનેક દેવ માનનાર વિષે.

એક દેવના અનેક માની, અંતે ક્યાં જઈ રહેશે;
બુણકાનો એ પુત્ર બન્યો, કોને બાપ કહેશે. ૯

(૭૮) ખરૂં કહેતાં ખાર રાખનાર વિષે.

ખરૂં કહેતાં ખાર રાખી, મનમાં રાખશે કડવું;
કાવ્ય કર્તા એમ કહે, મરદ નહિ એ ભડવું. ૧૦

---

(૭૯) વિદ્યાના અભિમાન વિષે.

વિદ્વતા તમો શું દેખાડી, ગર્વ કરો છો ભારી;
ખ્રીસ્ત નમુનો ઝાલો ભાઇઓ, શેતાન નાખશે મારી. ૧૧

---

(૮૦) હોદ્દાના ગર્વ વિષે.

પદવી એક દીન પડી જશે, મોટાઇ જશે મરી;
નાના મોટા સૌને સરખા, ચાહો પ્રેમ કરી. ૧૨

---

(૮૧) ફોગટીઆની સફાઇ વિષે.

ગમ વિનાનો કરે ગર્જના, ભેદ મર્મ ન જાણે;
આંખ્યે જે સમુળગો અંધો, શું સુજે વાયે વાણે. ૧૩

---

(૮૨) ફુલાસ મારનાર વિષે.

પર ભોજનનો સ્વાદ વખોડે, ઘેર ભોજન નહી ભાણે;
લોકો આગળ ફુલાસ મારે, ખોટ નથી મારે દાણે. ૧૪

---

(૮૩) મોટી મોટી વાતો કરનાર વિષે.

મારે મોટી વાતો કરે, તેમાં કાંઈ નવ જાણે;
એકથી બે ગણતાં નવ આવડે, કહે નાણાવટી છું નાણે. ૧૫

---

(૮૪) ઇર્ષાખોર વિષે.

અદેખો નર ઇર્ષા કરી, મનમાં બળી મરે;
અફશોષ તેની કેળવણીને, શીખેલું ફોગ કરે. ૧૬

---

(૮૫) ચાડીઆ નર વિષે.

ચાડીઓ નર ચુગલી કરી, ખોટાં તહોમત મુકે;
જણેતાએ શીદ એ જણ્યો, વાઢ મૂક્યો નહિ કૂખે. ૧૭

(૮૬) ખરો ન્યાયી પુરૂષ કોણ છે?

ન્યાયી પુરૂષ મેં એકજ દીઠો, સો લોકોથી ન્યારો;
તારણ ઇચ્છા કરતા હો તો, ઇસુ પાછળ ચાલો. ૧૮

(૮૭) ધર્મનું નામ પાડી વડાઇ લેનાર વિષે.

વરો કર્યો વડાઇ લેવા, ધર્મનું નામ પાડી;
પ્રભુ નામે પાઈ નવ આપી, ધિક તારી મૂછ ને દાઢી. ૧૯

(૮૮) દ્રવ્યના લોભિયા વિષે.

લોભિયા નરનાં લક્ષણ ખોટાં, સમજે અર્થ નહિ ઉંડો;
પોતાને હાથે વપરાય નહિ, એ વાપરનારનો છે ભુંડો. ૨૦

(૮૯) લખવાનું બંધ કરવા વિષે.

બહુ બોલ્યામાં ખુબ નથી, બકવાદી હું ઠરૂં;
ભુલચુક માફ કરજો, લખવાનું બંધ કરૂં. ૨૧

(૯૦) શુદ્ધ અશુદ્ધ વિષે.

શુદ્ધ અશુદ્ધ હું કંઇ ન જાણું, જાણું જોડતાં સાખો;
દેશી ભાઇપર દયા કરી, એક નકલ તો રાખો. ૨૨

વિદ્યાર્થીઓ માટે ધાર્મિક કેળવણી.

(ખાસ વિદ્યાર્થીઓ પાસે વાદવિવાદ કરાવવા અર્થે.)

પ્ર૦—જીવનના જ્ઞાનનો ભંડાર શાને કહેવાય ?
ઉ૦—આ પવિત્ર શાસ્ત્ર એ જીવનના જ્ઞાનનો ભંડાર છે.
પ્ર૦—આપણે પવિત્ર શાસ્ત્ર કેવી રીતે વાંચવું ?
ઉ૦—ગંભીર ને ઉદ્યોગી રીતે, તથા પ્રાર્થના સાથે વાંચવું.
પ્ર૦—પવિત્રશાસ્ત્રમાં ઇંગ્રેજી ભાષામાં કેટલા અક્ષરો છે ?
ઉ૦—આ પવિત્રશાસ્ત્રમાં ૩૫,૬૬,૪૮૦ અક્ષરો છે.
પ્ર૦—ત્યારે તેમાં શબ્દો કેટલા આવ્યા હશે ?
ઉ૦—૧૦, ૬, ૯૭ શબ્દો આવેલા છે.
પ્ર૦—તેમાં બધાં મળીને પુસ્તકો કેટલાં છે ?
ઉ૦—૬૬, જેમાંનાં ૩૯ જુના કરારનાં, ને ૨૭ નવા કરારનાં છે,
પ્ર૦—બધા મળીને અધ્યાય કેટલા છે ?
ઉ૦—૧, ૧૮૯ અધ્યાય આવેલા છે.
પ્ર૦—ત્યારે કુલ કલમો કેટલી આવેલી હશે ?
ઉ૦—૩૧,૧૭૩ કુલ કલમો આવેલી છે.
પ્ર૦—લાંબામાં લાંબો અધ્યાય કયા પુસ્તકમાં છે ?
ઉ૦—ગીતશાસ્ત્ર ૧૧૯ મો અધ્યાય લાંબામાં લાંબો છે.
પ્ર૦—ત્યારે ટુંકામાં ટુંકો તથા વચલો અધ્યાય કયો છે ?
ઉ૦—ગીત ૧૧૭, એ ટુંકામાં ટુંકો તથા વચલો અધ્યાય છે.
પ્ર૦—પુસ્તકની મધ્ય કઇ જગ્યાએ થાય છે ?
ઉ૦—ગીતશાસ્ત્ર ૧૧૮ને ૮ તે પુસ્તકની મધ્ય છે.
પ્ર૦—ત્યારે લાંબામાં લાંબું નામ કયા પુસ્તકમાં છે ?
ઉ૦—યશાયાહના ૮ મા અધ્યાયમાં લાંબામાં લાંબું નામ છે.
પ્ર૦—પ્રભુઃ આ નામ શાસ્ત્રમાં કેટલી વાર આવે છે ?
ઉ૦—૧૮૫૫ વાર અને તેમજ આ શબ્દ ૬૬,૬૨૭ વખત વાપરેલો છે.

પ્ર૦—કયા કયા અધ્યાય એકબીજાને મળતા આવે છે ?
ઉ૦—યશાયાહ ૩૭, અને ૨ જો રાજા ૧૯ એકબીજાને મલતા છે.
પ્ર૦—પવિત્ર શાસ્ત્રની કઈ કલમ લાંબામાં લાંબી છે ?
ઉ૦—આ પવિત્ર શાસ્ત્રમાં એસ્તર ૮ ને ૯ મી કલમ લાંબી છે.
પ્ર૦—ત્યારે ટુંકામાં ટુંકું વાકય કઈ જગ્યાએ આવે છે ?
ઉ૦—યોહાનની સુવાર્તા, ૧૧ ને ૩૫ માં જોઈ લ્યો.
પ્ર૦—કયા પુસ્તકમાં ઈશ્વિરનું નામ આવતું નથી ?
ઉ૦—એસ્તરના પુસ્તકમાં ઈશ્વિરનું નામ આવતું નથી.
પ્ર૦—ત્યારે આખા પુસ્તકનો સારાંશ શો છે ?
ઉ૦—જ્ઞાન, ડહાપણ, તથા પ્રીતિનો મુળ ઝરો છે.

દરેક સ્થિતિના વાંચન વિષે સવાલ જવાબ.

સ૦—અરે ભાઈ, દરેક સ્થિતિમાં દિલાસો મળે એવું કોઈ પુસ્તક છે ?
જ૦—હા, બાઇબલ નામનું એકજ પુસ્તક છે.
સ૦—પાપ આપણા પર બળાત્કાર ગુજરે ત્યારે શું વાંચવું ?
જ૦—યુસફ તથા અયુબનાં વૃત્તાંત ધીરજથી વાંચવાં.
સ૦—જ્યારે આપણે દુઃખ કે શોકમાં ગરક થઇ જઇએ છીએ ત્યારે શું વાંચવું ?
જ૦—સતશાસ્ત્ર ઉઘાડી અયુબની સાથે વાતચીત કરવી.
સ૦—આપણા અંતઃકરણમાં સ્તુતિ કરવાનું મન ન હોય ત્યારે શું કરવું ?
જ૦—દાઉદ ભકતની વાતો પર ધ્યાન આપવું,
સ૦—આપણને આળસ થાય ત્યારે શું વાંચવું ?
જ૦—યાકુબ વિષેનું વાંચન કરવું.
સ૦—પ્રાર્થનામાં આપણા ધુંટણ મંદ હોય ત્યારે શું કરવું ?
જ૦—એલિયા તરફ દીર્ઘ દૃષ્ટિએ જોવું.
સ૦—મગજમાં થોડો ઉનો પવન ભરાયો હોય ત્યારે શું કરવું ?

જo—મુસા વિષે વાંચી તેનું જીવનચરિત્ર જોવું.
સo—વિશ્વાસમાં નબળા કે, ઓછા હોઇએ ત્યારે શું કરવું ?
જo—પાઉલ ને ઇબ્રાહિમની વાતો પર ધ્યાન આપવું.
સo—પ્રીતિ વિષે ઠંડા કે મંદ હોઇએ ત્યારે શું કરવું ?
જo—યોહાન વિષે વાંચી દુશ્મન માટે પ્રાર્થના કરવી.
સo—આપણે કંજુસ ને લોભિયા હોઇએ ત્યારે શું કરવું ?
જo—થોડો વખત યશાયાહની સાથે ગાળવો.
સo—જ્ઞાન વિષે ઓછા હોઇએ ત્યારે શું કરવું ?
જo—સુલેમાન સંબંધી વિચાર કરી પ્રભુ પાસે માગવું.
સo—ભવિષ્ય આપણી આગળથી લોપ થાય ત્યારે શું કરવું ?
જo—પ્રકટીકરણનું પુસ્તક ખોલી તે તરફ જોવું.
સo—કોઇની નિંદા કરવા આગળ પડતા હોઇએ ત્યારે શું કરવું ?
જo—પ્રેરિત પાઉલ વિષે વિચાર કરી, લક્ષ આપવું.
સo—આપણામાં અહંકાર કે ગર્વ હોય ત્યારે શું કરવું ?
જo—સુલેમાન અને પાઉલની વાતો પર ધ્યાન આપવું.
સo—આપણે દરેક વખતે કોનો નમુનો લેઈ ચાલવું ?
જo—દરેક સ્થિતિમાં ખ્રિસ્ત તરફ જોઈ ચાલવું.
સo—આ સર્વે વાતોનો સારાંશ શામાં સમાયો છે ?
જo—આપણે સઘળાએ પ્રીતિને અનુસરવું જોઇએ.

લીo ઈo રo દેo

કાવ્યકર્તા.

કોણ દેવના મહિમા અર્થે પોતાના દેશી ભાઇને મદદ કરવા તૈયાર છે?

મદદગાર ગ્રાહકોનાં નામ.	ગામ.	રૂ. આ. પા.	નકલો.
રત્ના હીરાભાઈ.	ભાનેર.	૨—૮—૦	૨૦
રેવ. મુળજી નાનાભાઈ.	આણંદ.	૨—૦—૦	૧૬
કોહ્યા વિરા.	બહીયલ.	૧—૮—૦	૧૨
સોમચંદ ધનજી.	અમદાવાદ.	૧—૮—૦	૧૨
પાઉલ પ્રેમા.	ભાનેર.	૧—૪—૦	૧૦
મથુરભાઇ જાલેમ.	વડોદરા.	૧—૦—૦	૮
ધેમાભાઈ રામા.	વડોદરા.	૧—૦—૦	૮
રઘૂવિર હીરાશિંગ.	વડોદરા.	૧—૦—૦	૮
વ્હાલજી ત્રીકમ.	ભાનેર.	૧—૦—૦	૮
રણછોડ મોરાર.	વણસોલ.	૧—૦—૦	૮
નાનજી પુંજા.	ભાનેર.	૧—૦—૦	૮
વિરજી વિશ્રામ.	કનીજ.	૧—૦—૦	૮
કારભારી ખુશાલ મીઠાભાઈ.	અમદાવાદ.	૧—૦—૦	૮
શામા નથુભાઇ.	ભાનેર.	૧—૦—૦	૮
મીઠા હરખા.	ભાનેર.	૧—૦—૦	૮
રેવ. માધવ નાનાભાઈ.	આણંદ.	૦—૧૨—૦	૬
પુંજા માધવ.	કઠલાલ.	૦—૧૨—૦	૬
દીપશિંગ જુઝાર.	પીઠાઇ.	૦—૮—૦	૪
ધુળા ઉકા.	ભાનેર.	૦—૮—૦	૪
સોમા જેઠા.	ચુણેલ.	૦—૮—૦	૪
ધુળા ભાણા.	અમદાવાદ.	૦—૮—૦	૪
ડાહ્યા વિશ્રામ.	ભાનેર.	૦—૮—૦	૪
મંગળ દયાળ.	ભાનેર.	૦—૮—૦	૪
રેવ. ઉકાભાઇ કાળીદાસ.	રતનપુરા.	૦—૮—૦	૪
ડાહ્યા કેશવ.	ભાનેર.	૦—૮—૦	૪
કશના ગોપાળ.	પીઠાઇ.	૦—૮—૦	૪

મદદગાર ગ્રાહકોનાં નામ.	ગામ.	રૂ. આ. પા.	નકલો.
મુસા ડાહ્યા.	અજલપુરા.	૦—૮—૦	૪
ઉકા સુંદર.	કઠલાલ.	૦—૮—૦	૪
આના મોરાર.	કઠલાલ.	૦—૮—૦	૪
રેવ. મોરાર કહાનજી.	ઓડ.	૦—૪—૦	૨
સુલેમાન ભવાન.	વડતાલ.	૦—૪—૦	૨
જીવા કાળીદાસ.	ખડોલ.	૦—૪—૦	૨
મોતી ડુંગર.	સહુણુ.	૦—૪—૦	૨
દેવજી ભીખા.	પીઠાઈ.	૦—૪—૦	૨
જેઠા ભીખા.	પીઠાઇ.	૦—૪—૦	૨
રેવ. હરજીવન વિરાભાઈ.	ડકુસર.	૦—૪—૦	૨
રણછોડ રામા.	ભાનેર.	૦—૪—૦	૨
સોમા ડાહ્યા.	ભાનેર.	૦—૪—૦	૨
સના મીઠા.	ભાનેર.	૦—૪—૦	૨
એચર હરજી.	દાપટ.	૦—૪—૦	૨
કુબેર ખેંગાર.	દાપટ.	૦—૪—૦	૨
નરસી ધુળા.	બહીયલ.	૦—૪—૦	૨
સવા રામા.	ભાનેર.	૦—૪—૦	૨
ખોડા ભીખા.	ભાનેર.	૦—૪—૦	૨
ગમા ગલા.	ભાનેર.	૦—૪—૦	૨
નાથા ખુશાલ.	ભાનેર.	૦—૪—૦	૨
બબલા ઓધા.	ભાનેર.	૦—૪—૦	૨
મકનદાસ ગોવીંદભાઈ.	અમદાવાદ.	સામટી નકલો	૧૦૦

ધન્ય છે ! ધન્ય છે ! ધન્ય છે ! મહાન ગુરૂનું વચન આ પ્રસંગે પૂર્ણ થાય છે, કે દયાળુઓને ધન્ય છે, કેમકે તેઓ દયા પામશે. માત્થી. ૫. ૭. અમદાવાદ તથા વડોદરા ડિસ્ટ્રિક્ટમાંના મારા પ્રિય સ્નેહી મિત્રોતરફથી જેમણે અમૂલ્ય મદદ આપી છે, તે બદલ તમ સર્વનો અંતઃકરણપૂર્વક આભાર માનવા અર્થે સાહિત્યમાંથી કયા શબ્દો મુક-

વા, એ મારી સમજશક્તિની બહારની વાત છે. ઘણા ભાઇઓના મનમાં વિચાર આવશે કે, અમોને જાહેરખબર મોકલી હોત તો અમો પણ આ કામમાં ભાગ લેત; પણ બંધુઓ ! દુઃખની વાત આ છે કે, પ્રથમ મેં ખાસ મિત્રો ઉપર જાહેરખબર મોકલી, તેમાંથી વિશેષ ભાગ નિષ્ફળ નિવડયો. આ વખતે આપણા તારનારની વાત મને યાદ આવી કે, ઉપદેશકને પોતાના વતનમાં માન નથી. તેથી હું બીજા ભાઇઓને ખબર મોકલાવવાને નાહિંમતવાન થયો, માટે માફ કરશોજી. આપ મદદગારોને ખબર છે કે, મેં કોઇને કોઈ પ્રકારનો આગ્રહ કર્યો નથી. ફક્ત તમોએ જાહેરનામું વાંચી મારી ધારણા ઉપરાંત રકમ ભરી આ બીજી વખતનો મારો પરીશ્રમ સફળ કરી મને કૃતાર્થ કર્યો છે, તેની હું કદર કરૂં છું. આપ મદદગારોના સંબંધમાં હું જેટલું લખાણ કરૂં તેટલું ઓછુંજ છે, કારણકે તમોએ મને જે અમૂલ્ય મદદ આપી છે, તે તમારો મારા પ્રત્યેનો અત્યંત પ્રેમ તો શું, પણ સદા પ્રેમના પ્રવાહો પ્રદર્શિત કર્યા વગર રહેશેજ નહિ. આપ મિત્રોનો, મારા પ્રત્યે થએલો ઉપકાર હું મારી સ્મરણ-શક્તિમાં હંમેશાં યાદ રાખવા અર્થે છપાવું છું, તથા તે સંબંધી કંઇ પણ શબ્દ વધારે ન ઉમેરતાં જે પ્રમાણે તમોએ મને મદદ આપી છે, તેજ રૂપમાં કવિતાદ્વારે બોલું છું તે સંબંધી ઘણા ભાઇઓના મનમાં મારો હલકો વિચાર આવવાનો સંભવ લાગે છે. પણ આપ સુબુદ્ધિવાન ભાઇઓ જાણો છો કે, (ઉપકારનો આભાર માનવા) ઘણા ભાઇઓ પોતાની પ્રાર્થનાદ્વારે બોલે છે, તેમજ કેટલાક ભાઇઓ સાક્ષી આપતાં આભાર માને છે. તેજ પ્રમાણે હું નીચેની કવિતામાં બોલવા ચાહું છું, ઘણા ભાઇઓ સન્મુખ જઇને આભાર માને છે, પણ એવી રીતે મારાથી બને તેમ નથી, માટે તે છપાવવામાં આવે છે. તેના સંબંધમાં આપ વાંચક વૃંદનાઓને મારી કંઇ કસુર માલમ પડે તો કૃપા કરી મને માફ કરશોજી. હું તો તમ દરેક ખ્રિસ્તી ભાઇ બેનોની સેવા બજાવનાર—

દાસાનુદાસ, ઇ૦ ર૦ દે૦ કા૦ ક૦ છું.

(૯૧) મિત્રોના ઉપકારનું ગીત.

રાગ ઠુમરી ત્રણ તાલની.

ધન્ય મિત્રો ઉપકારી, ધન્ય મિત્રો ઉપકારી;
આપની કૃપા થકી, થયો છું આભારી. ટેક.

(ચઢતી ચોપાઇ.)

રત્ના હીરા સોની પહેલાં, આવ્યું છે નામે;
રૂપીઆ અઢી મદદ કીધી, વાંચોને તમે. ધન્ય૦ ૧
બીજું નામ મુળજી નાના, આવ્યું રે ભાઇ;
રૂપીઆ બે તો મદદ આપી, મુજને ચાહી. ધન્ય૦ ૨
બહીયલમાં કોહ્યા વીરા, સુણો કારભારી;
રૂપીઓ દોઢ ને ધોતી, એક રેશમી લઇ આપી. ધન્ય૦ ૩
પાઉલ પ્રેમા નામ, સર્વ લોકો તો જાણે;
રૂપીઓ સવા આપ્યો, આવા પ્રસંગ ટાણે. ધન્ય૦ ૪
મથુર જાક્ષેમભાઇએ, ઘણો ઉપકાર કર્યો;
રૂપીઓ એક મદદ, ફારમ માગીને ભર્યો. ધન્ય૦ ૫
ઘેમા રામાભાઇ ગાવામાં, મારી સાથે;
રૂપીઓ એક મદદ ને, લખવા કામ લે છે હાથે. ધન્ય૦ ૬
રઘુવીર હીરાસીંગ, ભલો એ ભાઇ;
રૂપીઓ એક મદદ તેમણે, આપી અહિં આઇ. ધન્ય૦ ૭
વ્હાલજી ત્રીકમની તો, જોવી નહિ પડી વાટે;
રૂપીઓ એક આપ્યો, જેણે અંધારી રાતે. ધન્ય૦ ૮
રણછોડ મોરાર સાથે, મારી પ્રીતિ છે ધાડી;
રૂપીઓ એક લઇને આવ્યો, ઘેર તો ચાલી. ધન્ય૦ ૯
નાંનજી પુંજા ભાનેરમાં, જુનો કારભારી;
રૂપીઓ એક આપ્યો, તેણે દાસને બોલાવી. ધન્ય૦ ૧૦
વિરજી વિશ્રામ સાથે, મારે સગાઈ છે સાચી;
રૂપીઓ એક મદદને, દશની રકમ આપી. ધન્ય૦ ૧૧

સાંમા નથુ ભાનેરમાં, ભારે વેપારી;
રૂપીઓ એક મદદ તેમણે, દાસને આલી. ધન્ય૦ ૧૨
મીઠા હરખાભાઇ તો, મારે સભામાં સાથી;
રૂપીઓ એક મદદ તેમણે, હરખથી આપી. ધન્ય૦ ૧૩
રણછોડ રામાભાઇના, વિષે કહું શું કથી;
પ્રથમ નવાં ગીતો રચવા, આપી છે મતી. ધન્ય૦ ૧૪
મોરાર કહાનજીભાઇનો, ઉપકાર માનું છું આજે;
આવૃત્તિ સુધારવા ઘણી, સુચનાઓ આપે. ધન્ય૦ ૧૫
ઘણાક ઉપરની પ્રીતિ દેખાડતા ભારી;
તેવા મિત્રો આ પ્રસંગે નીવડ્યા છે ખાલી. ધન્ય૦ ૧૬
મેસાણા દશકોશી પ્રગણાં, જોયાં ઠેઠા ઠેઠ;
બહીયલ બાત્રીશી જોયાં, પણ ભાનેરની હેઠ. ધન્ય૦ ૧૭

---

(૯૨) અલ્પ બુદ્ધિ મારી.

ભુજંગી છંદ.

નથી જોયું પીં......ગળને કદી ખો......લી;
શીખ્યો નથી વ્યા......કરણની શુદ્ધ બો......લી.
નથી મગણ જ......ગણ ગત આ......ણી;
રચ્યું જ્ઞાન ઇ......શ્વર વિષે તો જા......ણી.
કવિપણું શા......ને કહેતે ન જા......ણું;
જાણું ખરૂં દે.. ...વ મહિમાનું ના......ણું.
ભુલ ચુક દે......જો ભાઇ તો નીવા......રી;
અલ્પ બુદ્ધિ મા......રી કહુંરે પોકા......રી.

સમાપ્ત.